RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 128* Date: 26.02.2023, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દેશની એજન્સીઓ પર મોદી સરકારનો કબ્જોઃ સોનિયા ગાંધી

**પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાજનીતિમાંથી સંન્યાસનો સંકેત આપ્યો : ભારત જોડો યાત્રા સાથે મારો કાર્યકાળ પુરો થઇ શકે છે**



રાયપુર,તા.૨૫

રાયપુરમાં કોંગ્રેસના ૮૫માં અધિવેશનને સંબોધિત કરતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર આકરા પ્રહારો કર્યા હતાં. સોનિયા ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકારે એજન્સીઓ પર કબ્જો કરી લીધો છે.કેન્દ્ર સરકાર બંધારણીય મૂલ્યોને કચડી રહી છે અને બંધારણીય સંસ્થાઓ પર આરએસએસ અને ભાજપનો કબજો છે તેમને કહ્યું કે કોંગ્રેસે ભારતમાં લોકશાહીને મજબૂત કરી છે. તેની સાથે સાથે તેમને ભારત જોડો યાત્રાને ટર્નિંગ પોઈન્ટ ગણાવી છે.

અધિવેશનને સંબોધિત કરતા સોનિયા ગાંધીએ ભારત જોડો યાત્રા માટે રાહુલ ગાંધીને શુભેચ્છાઓ આપી. દેશમાં બંધારણીય મૂલ્યોને કચડી નાખવામાં આવી રહ્યા છે. બંધારણીય સંસ્થાઓ ખતરામાં છે. દેશની એજન્સીઓ પર સરકારનો કબ્જો થઈ ગયો છે. સોનિયા ગાંધીએ દેશમાં મહિલાઓ અને આદિવાસીઓની વિરૂદ્ધ ભેદભાવ કરવાનો આરોપ લગાવ્યો.

સોનિયા ગાંધીએ વધુમાં કહ્યું કે કોંગ્રેસ એક રાજકીય પાર્ટી નથી પણ અમે એક વાહન છીએ, જેના દ્વારા લોકો સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની વિરૂદ્ધ લડે છે. અમે લોકોના અવાજને આગળ વધારીએ છીએ. અમે લોકોના સપના પૂરા કરીએ છીએ. અમારો રસ્તો સરળ નથી પણ અમે જરૂર જીતીશું.

પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાજનીતિમાંથી સંન્યાસનો સંકેત આપ્યો છે સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે ભારત જોડો યાત્રા સાથે મારો કાર્યકાળ પુરો થઇ શકે છે.સોનિયાએ પહેલીવાર પાર્ટી અધ્યક્ષાની ખુરશી સંભાળવાથી લઈને અત્યાર સુધી પોતાના ઉતાર ચઢાવ અંગે વાત કરી છે તેમણે કહ્યું કે ૧૯૯૮માં જયારે હું પહેલીવાર પાર્ટી અધ્યક્ષ બની ત્યારથી લઈને આજ સુધી એટલે કે છેલ્લા ૨૫ વર્ષોમાં અનેક સારા અને ખરાબ અનુભવ થયા છે.૨૦૦૪ અને ૨૦૦૯માં પાર્ટીનું પરફોર્મન્સ હોય કે પછી મનમોહન સિંહનો વડાપ્રધાન બનાવવાનો મારો નિર્ણય તે વ્યક્તિગત રીતે મારા માટે સંતોષજનક રહ્યો તેના માટે પાર્ટી કાર્યકર્તાઓનો મને સંપૂર્ણ સહયોગ મળ્યો જે વાતથી મને વધારે સંતુષ્ટી છે.તે તે ભારત જોડો યાત્રા સાથે મારો સમયગાળો પૂર્ણ થઇ શકે છે આ પાર્ટી માટે એક મહત્વપૂર્ણ વળાંક છે.સોનિયા ગાંધીએ કહ્યું કે કોંગ્રેસે લોકતંત્રને મજબુત કર્યું વડાપ્રધાન મનમોહન સિંહના નેતૃત્વમાં અમે એક સારી સરકાર આપી હતી ભાજપ પર હુમલો કરતા કહ્યું કે આજે દેશ અને કોંગ્રેસ માટે પડકારભર્યો છે સમય છે દલિતો લઘુમતીઓ મહિલાઓ સાથે અત્યાચાર થઇ રહ્યાં છે અને સરકાર કેટલાક ઉદ્યોગપતિઓને સાથ આપી રહી છે.તેમણે કહ્યું કે કોંગ્રેસે કમર કસી લીધી છે કે દેશ બચાવવા માટે લડત લડીશું કોંગ્રેસ દેશના હિતો માટે લડત લડશે મજબુત કાર્યકરો જ કોંગ્રેસની તાકાત છે આપણને અનુશાસન સાથે કામ કરવાની જરૂર છે.જનતા સુધી આપણે આપણો સંદેશ પહોંચાડવો પડશે સોનિયા ગાંધીએ અપીલ કરી છે કે અંગત ગિતોને બાજુ પર રાખીને ત્યાગની જરૂર છે પાર્ટીની જીત જ દેશની જીત હશે અને મલ્લિકાર્જૂન ખડગેના નેતૃત્વમાં આપણે સફળ થઈશું

જયારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ અધિવેશનને સંબોધન કરતા કહ્યું કે ભારતની આત્મામાં કોંગ્રેસ છે. દેશમાં રાહુલ ગાંધીએ અસંભવને સંભવ કરી બતાવ્યું છે. ભારત જોડો યાત્રા અપેક્ષાઓની યાત્રા હતી. કોંગ્રેસ એક જન આંદોલન છે. ભારતની આત્મામાં કોંગ્રેસ છે.

નેહરૂ-ગાંધી અને સુભાષચંદ્ર બોઝના રસ્તા પર કોંગ્રેસ ચાલી રહી છે. તમામ બંધારણીય સંસ્થાઓની ગરિમા તોડી રહી છે. દેશમાં ચારેબાજુ નફરતનો માહોલ છે.

મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે એક તરફ ૧૨ કરોડ લોકોનો રોજગાર જતો રહ્યો, બીજી તરફ કરોડો લોકો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે. દેશમાં ગણતરીના લોકોની મિલકતમાં એટલો ઝડપી વધારો થયો કે તે દુનિયાના અમીરોમાં સામેલ થઈ ગયા. તેમને કહ્યું દેશના લોકોને કોરોનાના સમયમાં ડોક્ટર અને દવા મળી નહીં. દલિતો, આદિવાસીઓની ભાજપમાં કોઈ જગ્યા નથી.

મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે આગામી વર્ષે યોજાનારી ચૂંટણીમાં તેમની પાર્ટી ભાજપને હરાવવા માટે સમાન વિચારધારાવાળા અન્ય દળોની સાથે ગઠબંધન કરશે. ખડગેએ આ નિવેદન બાદ સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું કોંગ્રેસમાં એકલા હાથે ભાજપનો સામનો કરવાની હિંમત નથી? શું કોંગ્રેસને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનું લોકસભા ચૂંટણીમાં કોઈ પરિણામ જોવા મળી રહ્યું નથી?

રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા દરમિયાન નિવેદન આપ્યું હતું કે હવે નવા એક રાહુલે જન્મ લીધો છે, પહેલાના રાહુલ ગાંધીને મેં મારી નાખ્યો છે.

પહેલાના રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ ખરાબ રીતે ચૂંટણી હારી તો શું નવા રાહુલ ગાંધી પાસે પણ કોંગ્રેસને અપેક્ષા નથી?

# 'કોવિડ રસીકરણે ભારતમાં ૩૪ લાખ લોકોના જીવ બચાવ્યા', આરોગ્ય પ્રધાન

નવીદિલ્હી,તા.૨૫

કોરોનાના સમયગાળા દરમિયાન સફળ રસીકરણ અભિયાનને કારણે ભારતમાં ૩૪ લાખથી વધુ લોકોના જીવ બચાવવા શક્ય બન્યા હતા. આ સિવાય રસીકરણ અને સમયાંતરે લેવામાં આવેલા અન્ય પગલાઓને કારણે પણ દેશને ૧૮.૩ બિલિયન ડોલરના નુકસાનથી બચાવી શકાયુ છે.



સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના રિપોર્ટ 'હીલિંગ ધ ઈકોનોમી: એસ્ટીમેટીંગ ધ ઈકોનોમિક ઈમ્પેક્ટ ઓફ ઈન્ડિયાઝ વેક્સિનેશન એન્ડ રિલેટેડ મેઝર્સ'માં આ હકીકતને હાઈલાઈટ કરવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આ રિપોર્ટ જાહેર કર્યો. જેમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના રિપોર્ટમાં, પ્રથમ લોકડાઉનથી લઈને રસીકરણ સુધી અને તે વચ્ચે કૃષિ, સ્જીસ્ઈ, ગરીબ, મજૂરો અને અન્ય વર્ગો માટે સમયાંતરે જાહેર કરવામાં આવતા પેકેજની અસરોનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં મનસુખ માંડવીયાએ જણાવ્યું હતુ કે ભારતમાં કોવિડ વેક્સિનના કારણે ૩૪ લાખ લોકોના જીવ બચી શક્યા છે.

ભારતમાં કોરોનાનું પહેલું મોજું ૧૭૫ દિવસમાં ચરમસીમાએ પહોંચ્યું હતું, જ્યારે રશિયા, કેનેડા, ફ્રાન્સ, ઈટાલી અને જર્મની જેવા દેશોમાં ૫૦ દિવસમાં ટોચ પર પહોંચી ગયું હતું. રિપોર્ટ અનુસાર, સફળ રસીકરણ અભિયાન માત્ર જીવન બચાવવામાં સફળ રહ્યું ન હતું, પરંતુ ભારતને ઈ૧૮.૩ બિલિયનના નુકસાનથી પણ બચાવ્યું હતું. જો રસીકરણ અભિયાન સફળતાપૂર્વક નહીં ચાલે તો ભારતે આ નુકસાન સહન કરવું પડશે. રિપોર્ટ અનુસાર, રસીકરણ અભિયાન પરના ખર્ચને બાદ કર્યા પછી પણ ભારતને આ અભિયાનથી ૧૫.૪૨ બિલિયનનો ચોખ્ખો લાભ મળ્યો છે.

રિપોર્ટમાં કોરોના સમયગાળા દરમિયાન મોદી સરકારની દરેક યોજનાની આર્થિક અસરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. મનસુખ માંડવિયાના જણાવ્યા અનુસાર, કોરોના દરમિયાન, સમગ્ર સરકાર અને સમગ્ર જનતાના અભિગમ સાથે કામ કરવામાં આવ્યું હતું. સર્વગ્રાહી અભિગમને કારણે, પરીક્ષણ, ટ્રેક, સારવાર, રસીકરણ અને કોરોના યોગ્ય વર્તન સફળતાપૂર્વક અનુસરવામાં આવ્યું હતું.વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વના વિકસિત દેશોની સાથે દેશમાં માત્ર કોરોના રસી વિકસાવવામાં સફળ રહ્યું ન હતું, પરંતુ મોટા પાયે તેનું ઉત્પાદન કરવામાં અને ૨૨૦ કરોડથી વધુ ડોઝ લાગુ કરવામાં પણ સફળ રહ્યું હતું. ભારતનું રસીકરણ અભિયાન વિશ્વમાં સૌથી મોટું અને સૌથી સફળ કહી શકાય, જેમાં ૯૭ ટકા એક ડોઝ મેળવે છે અને ૯૦ ટકાથી વધુ બંને ડોઝ મેળવે છે તેમજ લગભગ ૩૦ ટકા તકેદારી ડોઝ મેળવે છે, એમ તેમણે જણાવ્યું હતું.

# પવારે એ પણ બતાવવું જોઈએ કે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન કેવી રીતે લાગ્યું હતું : નાયબ મુખ્યમંત્રી ફડનવીસ

મુંબઇ,તા.૨૫

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સુપ્રીમો શરદ પવારે શુક્રવારે કહ્યું હતું કે જો તેમના કહેવા પર કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શ ાસન લગાવ્યું તો આ મોટી વાત છે.

હક્કીતમાં પવારે બુધવારે નિવેદન આપ્યું હતું કે જે મહારાષ્ટ્રથી રાષ્ટ્રપતિ શાસન હટાવવામાં આવ્યું ન હોત તો ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી કેવી રીતે બન્યા હોત.

તેમના આ નિવેદન પર ભાજપ નેતા અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યું હતું કે પવારે એ પણ બતાવવું જોઈએ કે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન કેવી રીતે લાગ્યું હતું પવારે ફડનવીસના આ સવાલની પ્રતિક્રિયામાં નવું નિવેદન આપ્યું હતું.

રાષ્ટ્રપતિ શાસનને લઇ પોતાના નિવેદનની બાબતમાં પુછવા પર શરદ પવારે કહ્યું હતું કે તેમણે આ વાત મજાકમાં કહી હતી.

પવારે કહ્યું હતું કે મેં રાષ્ટ્રપતિ શાસનની બાબતમાં જે કહ્યું હતું તે મજાકમાં કહ્યું હતું કે રાષ્ટ્રપતિ શાસન લગાવ્યું તો આ મારા માટે મોટી વાત છે.પવારે ઉદ્ધવ ઠાકરેના એ નિવેદનને પણ ફગાવી દીધો કે મહારાષ્ટ્રમાં મિડ ટર્મ ચુંટણી થઈ શકે છે.

તેમણે તેમણે કહ્યું હતું કે મને આવું લાગતુ નથી

આ પહેલા ફડનવીસે ગુરૂવારે કહ્યું હતું કે નવેમ્બર ૨૦૧૯માં એનસીપી નેતા અજિત પવારની સાથે ત્રણ દિવસની સરકાર બનાવવાની બાબતમાં સચ્ચાઇ સામે લાવશે.

ફડનવીસના મુખ્યમંત્રી અને અજિત પવારના નાયબ મુખ્યમંત્રીના રૂપમાં ૨૩ નવેમ્બર ૨૦૧૯ના રોજ સોગંદ લેવાના ઘટનાક્રમ પર ફરી ચર્ચા ત્યારે શરૂ થઇ હઇ જયારે ફડનવીસે દાવો કર્યો હતો કે શરદ પવાર બધુ જાણતા હતાં ફડનવીસે કહ્યું હતું કે તમામ વિવરણ ધીરે ધીરે સામે આવશે અને તમે બધા તેની બાબતમાં જાણશો.હાલ જે વાતો જાહેર છે તે ફકત અડધી છે હું તમામ વિવરણ સામે લાવીશ

# જમ્મુ કાશ્મીરમાં ૧ એપ્રિલથી સંપત્તિ કર લાગુ કરવામાં આવશે,નહીં ચુકવવા પર દંડ

**નગર પાલિકાની જમીન,પુજા સ્થળો,શ્મશાન કબ્રસ્તાનને છુટ આપવામાં આવશે**

જમ્મુ,તા.૨૫

જમ્મુ કાશ્મીરમાં કેન્દ્ર શાસિત પ્રદેશ સરકારે તાજેતરમાં શહેરી સંપત્તિ ટેકસ લગાવવાની જાહેરાત કરી છે જે એક એપ્રિલથી લાગુ થશે.ભાજપને છોડી તમામ રાજનીતિક પક્ષોએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે.પ્રોપર્ટી ટેકસ સંબંધી જાહેરનામા અનુસાર આવાસીય સંપત્તિઓ માટે ટેકસના દર ટેકસેબલ એનુઅલ વેલ્યુ (ટીએવી)ના ૫૦ ટકા અને કોમર્શિયલ પ્રોપર્ટી માટે છ ટકા હશે.

તેમાં નગર પાલિકાની જમીન,પુજા સ્થળો,શ્મશાન કબ્રસ્તાન ભારત સરકાર અને જમ્મુ કાશ્મીર સરકારના સ્વામિત્વ વાળી સંપત્તિઓને છુટ આપવામાં આવશે જયારે ૧૦૦૦ વર્ગ ફુટ સુધીના નિર્મિત ક્ષેત્રવાળા નાના ઘરોવાળા તમામ ગરીબ,કિનારા પર રહેનારા લોકોને જમ્મુ કાશ્મીર સરકાર દ્વારા આ વર્ષ એપ્રિલથી લગાવવામાં આવનાર કોઇ પણ સંપત્તિ કરનું વળતર કરવાથી છુટ આપવામાં આવી છે.

જમ્મુ કાશ્મીર હાઈકોર્ટ બારએસોસિએશને કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંપત્તિ કર લગાવવાના પ્રશાસનના નિર્ણયની વિરૂધ્ધ પ્રદર્શન કર્યું છે.જમ્મુ કાશ્મીરના ઉપરાજયપાલ પ્રશાસને કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંપત્તિ કર લગાવવાના જાહેરનામા અનુસાર આગામી નાણાંકીય વર્ષથી પ્રભાવિત થશે.બારના સભ્યોએ કહ્યું કે જન વિરોધી નિર્ણયની વિરૂધ્ધ જમ્મુ બાર એસોસિએશનના વકીલોએ અદાલતી કાર્યવાહીને પણ સ્થગિત કરી દીધી હતી.

તેમણે કહ્યું કે તે જમ્મુ કાશ્મીરમાં સંપત્તિ કર લગાવવાનો સખ્ત વિરોધ કરીએ છીએ બાર સભ્યોનું કહેવુ છે કે જમ્મુ કાશ્મીરના લોકો પ્રશાસનની ખોટી નીતિઓના કારણે પહેલા જ નાણાંકીય સંકટનો સામનો કરી રહ્યાં છે.

તેમણે આરોપ લગાવ્યો કે ઉપ રાજયપાલ પ્રશાસન સતત જમ્મુ કાશ્મીરના લોકો પર હુમલો કરી રહ્યાં છે.

તેમણે સંપત્તિ કર લગાવવાના નિર્ણયને તાકિદે પાછો લેવાની માંગ કરી હતી.

# ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં તમામ પક્ષ એક,પરંતુ કોંગ્રેસનો કોઈ પત્તો નથી : તેજસ્વી યાદવ

પટણા,તા.૨૫

બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે કહ્યું છે કે લોકસભા ચુંટણી ૨૦૨૪માં કોંગ્રેસ છોડી તમામ વિરોધ પક્ષ ભાજપનો મુકાબલો કરવા માટે એક થઇ રહ્યાં છે તેમણે કહ્યું કે કોંગ્રેસે હજુ સુધી આ સંબંધમાં કોઈ પહેલ કરી નથી. વિરોધ પક્ષ ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં ભાજપને કેન્દ્રથી હટાવવા માટે દૃઢ છે પરંતુ કોંગ્રેસ કોઇ યોગ્ય પ્રયાસ કરી રહી નથી હું કોંગ્રેસને વિરોધ પક્ષ એકતાનું નેતૃત્વ કરવાની વિંનતી કરૂ છું.

તેજસ્વીએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો દેશમાં ભાજપની સાથે સીધો મુકાબલો છે આ સાથે જ તેને ક્ષેત્રીય પક્ષોને પણ તે રાજયોમાં ડ્રાઈવિંગ સીટ પર રહેવાની મંજુરી આપવી જોઈએ જયાં તે મજબુત છે.

વિરોધ એકતા માટે ગ્રૈંડ પુરાની પાર્ટીને વધુ વિલંબ કરવો જોઈએ નહીં આ પહેલા કોંગ્રેસના દિગ્ગજ નેતા સલમાન ખુર્શીદે કહ્યું હતું કે અમે (કોંગ્રેસ) અને આપ (નીતીશકુમાર,તેજસ્વી યાદવ અને દેશના અન્ય વિરોધ પક્ષ)ની એક જ ઈચ્છા છે કે આપણે ભાજપને તોડી પાડીએ.તમામ એક જ તરફ છે પરંતુ પહેલુ પગલુ ઉઠાવવા માટે એક બીજાની રાહ જોઇ રહ્યાં છે.

એ યાદ રહે કે તેજસ્વી યાદવે તાજેતરમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનની મુલાકાત કરી હતી તેમણે તેલંગણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખ રાવની મુલાકાત કરવાની પણ યોજના બનાવી હતી પરંતુ તેલંગણામાં આદર્શ આચાર સંહિતા લાગુ થવાને કારણે તેને સ્થગિત કરવી પડી હતી.

# દિલ્હી કોર્પોરેશનના ગૃહમાં હિંસા અને સરમુખત્યારશાહી સર્જનારી આપની 'ખલનાયિકા', મેયર પર ભાજપનું પોસ્ટર વોર

નવીદિલ્હી,તા.૨૫

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની મેયરની ચૂંટણીમાં કારમી હાર મળ્યા બાદ ભાજપ ભડક્યો છે. ભાજપે એમસીડી મેયર શેલી ઓબેરોય પર હુમલો કર્યો છે. દિલ્હી બીજેપીએ આમ આદમી પાર્ટીના એમસીડી મેયર શેલી ઓબેરોયનું પોસ્ટર વોર દ્વારા તેમને 'ખલ-નાયિકા' કહેતા પોસ્ટર બહાર પાડ્યું છે. દિલ્હી ભાજપે શેલી ઓબેરોયનું પોસ્ટર બનાવીને ટ્વિટ કર્યું છે. પોસ્ટર વોરની સાથે ભાજપે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ પ્રહારો કર્યા છે.




મ્યુનિસિપલ કોર્પોરેશન હાઉસમાં ભાજપ અને આમ આદમી પાર્ટી કાઉન્સિલરો વચ્ચે ઝપાઝપી અને ધમાલના કલાકો પછી, દિલ્હીના મેયર શેલી ઓબેરોયે શુક્રવારે ભાજપના કેટલાક સભ્યો પર ખૂની હુમલાનો આરોપ મૂક્યો હતો. શેલી ઓબેરોયે આરોપ લગાવ્યો હતો કે તેના સાથીદાર આશુ ઠાકુર પર પણ બીજેપીના અન્ય કોર્પોરેટરે હુમલો કર્યો હતો.

આપ ધારાસભ્ય આતિશીએ આરોપ લગાવ્યો હતો કે ઠાકુરને તેમના દુપટ્ટા દ્વારા મંચ પરથી ખેંચીને ઘરના બહારના દરવાજા પર લઈ જવામાં આવ્યા હતા. આતિશીએ કહ્યું, ''અમે કમલા માર્કેટ પોલીસ સ્ટેશન જઈશું અને મેયર શેલી ઓબેરોય અને અમારી અન્ય મહિલા કાઉન્સિલરો પર ખૂની હુમલાનો કેસ દાખલ કરીશું.''

જો કે આપના આરોપ બાદ ભાજપ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. પ્રેસ કોન્ફરન્સના થોડા સમય પહેલા, મેયરે ગૃહને સ્થગિત કરી દીધું અને જાહેરાત કરી કે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) ની સ્ટેન્ડિંગ કમિટીના છ સભ્યોની ચૂંટણી ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે નવેસરથી યોજાશે.

શુક્રવારે મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય સમિતિના છ સભ્યોની ચૂંટણીમાં એક વોટને અમાન્ય જાહેર કર્યા પછી દિલ્હીના નવા નિયુક્ત મેયર શેલી ઓબેરોયે બીજેપી અને આમ આદમી પાર્ટીના સભ્યો એકબીજા સાથે અથડામણ કરી હતી. મેયર શેલી ઓબેરોયે પત્રકારોને જણાવ્યું કે, બંધારણની મજાક ઉડાવવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

# વાંધાજનક ટિપ્પણી

*કોંગ્રેસના નેતા પવન ખેડાએ વડાપ્રધાનના પિતાને લઈને વાહિયાત ટિપ્પણી કરીને હદ પાર કરી દીધી, પરંતુ અસમ પોલીસે તેમની ધરપકડ કરીને બિનજરૂરી રીતે પ્યાદાને વજીર બનાવવાની ભૂલ કરી. આ કંઈ નવી વાત નથી, રાજકારણમાં આવા વાહિયાત કટાક્ષ કરનારા નેતાઓ હાલમાં વધી ગયા છે, જેમને તેમના હાઈકમાન્ડનું પણ સમર્થન હોય છે. કોંગ્રેસના રાયપુરમાં સમેલનમાં ભાગ લેવા જ્યારે પવન ખેડા રવાના થયા ત્યારે તેમની વિમાનમાંથી ઉતારીને ધરપકડ કરવામાં આવી. હવે સર્વોચ્ચ ન્યાયાલયે તેમને વચગાળાના જામીન તો આપ્યા છે, સાથે જ તેમને ટપાર્યા પણ ખરા. જોકે આવા કિસ્સામાં ધરપકડની જરૂરિયાત ન હતી. અસમ પોલીસને ખબર હોવી જોઈએ કે તેની કાર્યવાહીનો વિરોધ તો થશે, પરંતુ તેને રાજકીય મુદ્દો બનાવવાની કોશિશ પણ થશે. અંતે એવું જ થયું. આના પહેલાં ત્યારે પણ એવું થયું હતું, જ્યારે અસમ પોલીસે ગુજરાતના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની ધરપકડ કરી હતી. કંઈક એ જ રીતે ગુજરાત પોલીસે તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેની પણ ધરપકડ કરી હતી. જિગ્નેશની જેમ સાકેત પર પણ વાંધાજનક ટ્વીટ કરવાના આરોપ હતા. એમાં શંકા નહીં કે નેતા ઘણીવાર ખીજને કારણે મર્યાદાની સીમા ઓળંગી જાય છે, પરંતુ તેમની ધરપકડ કરવાથી તેઓ હતોત્સાહિત થશે એમ માનવું ભૂલભરેલું છે. તેમના આવા નિવેદનો માટે તેમને સજા અપાવવી પણ સંભવ નથી હોતું, કારણ કે મોટાભાગના તો નાકલીટી તાણીને માફી માંગી લે છે અથવા એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે તેમના કહેવાનો અર્થ એ ન હતો. આવું જ કામ કોંગ્રેસના પવન ખેડાએ પણ કર્યું, જ્યારે એ સ્પષ્ટ જણાય છે કે તેમણે જાણીજોઈને વડાપ્રધાનના પિતા પર અયોગ્ય કટાક્ષ કર્યો.*

*કોંગ્રેસ સહિત અન્ય વિરોધ પક્ષના નેતાઓ દ્વારા વડાપ્રધાન કે તેમના માતા-પિતા પર વાહિયાત ટિપ્પણીઓ કરવી નવી વાત નથી. હાલમાં ખતમ થયેલી ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે નફરતના બજારમાં મહોબ્બતની દુકાન ખોલવા માંગે છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને તેમની અને અન્ય કોંગ્રેસી નેતાઓની ટિપ્પણીઓથી એવું બિલકુલ નથી લાગતું. વડાપ્રધાનને નિશાન બનાવવા માટે તેમના પિતા પર પવન ખેડાએ જે વાંધાજનક ટિપ્પણી કરી તે તેમની નફરત જ દર્શાવે છે. એ કોઈથી છૂપું નથી કે જ્યારે જ્યારે કોંગ્રેસી નેતાઓ વડાપ્રધાનને નીચા દેખાડવા ગેરવાજબી ટિપ્પણી કરે છે ત્યારે તેણે રાજકીય નુક્સાન ઉઠાવવું પડે છે, પરંતુ તે સમજવા તૈયાર નથી. તેનું કારણ એ જ છે કે ખુદ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતા વડાપ્રધાન પર અયોગ્ય ટિપ્પણીઓ કરતા રહે છે. જો શીર્ષ નેતાઓ જ એવું કરતા હોય તો, નીચલા સ્તરના છૂટભૈયા નેતાઓ તો બેફામ જ થાય. આ પરંપરા ક્યારે અટકશે તે કહી ન શકાય, પણ એટલું સ્પષ્ટ છે કે તેમાં પોલીસની ત્યાં સુધી કોઈ ભૂમિકા ન હોવી જોઈએ, જ્યાં સુધી કોઈના અપશબ્દ વૈમનસ્ય ફેલાવવાની સાથે જ કાયદો અને વ્યવસ્થા માટે ખતરો પેદા ન કરે. જોકે ઉલ્લેખનીય છે કે પવન ખેડાને તો સુપ્રીમ કોર્ટમાંથી તાત્કાલિક સુનાવણી ને તાત્કાલિક રાહત મળી ગઈ, આવી જ 'તાત્કાલિક' રાહત આમ જનતાને પણ મળે તો કેવું?*

## જર્મન સરકાર સામે મુંબઈમાં જૈન સમાજ સહિતના સંગઠનોએ યોજી રેલી, જર્મનીથી બાળકીને પરત મેળવવા માતા બે વર્ષથી લડાઇ લડી રહી છે

મુંબઈ,તા.૨૫

જર્મન સરકાર પાસેથી પોતાની બાળકીને પરત મેળવવા જૈન સમાજની અમદાવાદની એક માતા છેલ્લા દોઢ વર્ષથી તમામ મોરચે લડાઈ લડી રહી છે. ત્યારે મુંબઈ જૈન સમાજ સહિતના સંગઠનોએ રેલી યોજી હતી. નરીમાન પોઇન્ટ પર જૈન સમાજે એકઠા થઈ અરીહાને પરત લાવવા માટે સરકાર સમક્ષ ધા નાખી છે.

જર્મન સરકાર સામે છેલ્લા દોઢ વર્ષથી અમદાવાદની એક માતા પોતાની દોઢ વર્ષની દીકરી અરીહાને પરત મેળવવા લડાઈ લડી રહી છે. ભારતીય વિદેશ મંત્રાલયને પણ આ અંગે અનેક રજૂઆતો કરવામાં આવી છે. ત્યારે મુંબઈમાં જૈન સમાજ સહિતના સંગઠનોએ એકઠા થઈ રેલી યોજી હતી. નરીમાન પોઈન્ટ પર જૈન સમાજ સહિતના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. છેલ્લા દોઢ વર્ષથી બાળકી જર્મન સરકારના બાળ સંરક્ષણ ગૃહમાં છે.

ત્યારે અરિહાના બાળ અધિકારો અને તેમજ માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યુ હોવાના આક્ષેપ સાથે જૈન સમાજે પ્રદર્શન કર્યુ હતુ. જૈન અગ્રણીઓએ જર્મન રાજદૂતને અરીહાને મુક્ત કરાવવા આવેદન પત્ર આપ્યુ હતુ.

આગામી ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીએ જર્મન ચાન્સેલર ભારતના પ્રવાસે છે, તેઓ વડાપ્રધાન સાથે મુલાકાત કરવાના છે. ત્યારે જૈન સમાજે એવી માગ કરી છે કે આ સંવેદનશીલ મામલે ભારત સરકાર પણ અરીહાને મુક્ત કરાવવાની માગ મુકે. અરીહાના માતા-પિતા તમામ નિયમોમાં પાસ થઈ ચૂક્યા છે, છતાં જર્મન સરકારે દીકરીનો કબજો સોંપ્યો નથી. લોકોમાં આક્રોશ પણ વ્યાપી રહ્યો છે.

કેવી રીતે
સાવસૂકકાપાંદડા છીએ,
શ્વાસ કેવી રીતે લઈએ?
આડા અવળા શબ્દ છીએ,
રાસ કેવી રીતે લઈએ?
મોઢે ચોકઠા બાંધેલ છે,
ઘાસ કેવી રીતે ચરીએ?
દૂધ પૂરું ક્યાં જામ્યું છે,
છાશ કેવી રીતે કરીએ ?
મરણ અડધું પડ્યું થયું,
લાશ કેવી રીતે બાંધીએ?
બોલો બધું વેર વિખેર છે
હાશ કેવી રીતે મેળવીએ?
ખેતર ખેડાયું જ ક્યાં છે,
ચાસ કેવી રીતે મેળવીએ ?
ભક્તિ લગીરે પચતી નથી
કૃષ્ણચરણદાસ કેમ થઈએ?
ભરત વૈષ્ણવ
૨૫.૨.૨૦૨૧# કાવ્ય

# ખાંડા ખખડાવવાના ખાનદાનીઓ શસ્ત્રો ચલાવવા યુક્રેન પહોંચો!!!

(યુક્રેન યુધ્ધને એક વરસ પુરું થયું તેના અનુસંધાને )

“ગિરધરભાઇ. તમને હથિયાર ચલાવતા આવડે?” રાજુએ રશિયાએ યુક્રેનમાં છોડેલ મિસાઇલની જેમ ભૂકકા બોલાવે તેવો સવાલ પૂછ્યો!

“રાજુ. બેટા પહેલીવાર સવાલ ખોટી જગ્યાએ પૂછ્યો છે. ” મેં ટાઢા કલેજે રાજુ રદીને જવાબ આપ્યો.

“કેમ? આવું કેમ કહો છો?” રાજુએ નાટો દળની ઉત્સુકતા જેવો સવાલ કર્યો.

“રાજુ. મારી દશા અને દિશા ઘરમાં અને ઘર બહાર યુક્રેન જેવી છે. અમારા ઘરમાં ઉડતી રકાબીની જેમ તવેથા,વેલણ,ચિપિયા,દસ્તો ઉડતા રહે છે. અમારું કામ ડીફેન્સિવ એટલે કે હુમલાથી બચવાનું રહે છે. શાસિત કદી હથિયાર ચલાવી શકે ?? “ મેં રાજુને કાઉન્ટર કવેશ્ચન પૂછ્યો.

“ હેં હેં આવું છે?રાજુએ માથું ખંજવાળતા કહ્યું.

“રાજુ .તારા મનમાં આ સવાલ કેવી રીતે આવ્યો? મેં રાજુને પૂછયું.

“ હથિયાર ચલાવનારની યાદી કીવીમાં મોકલવાની છે!!” રાજુએ મેજર જનરલ જેવા મિજાજથી કહ્યું.

“વેઇટ એ મિનિટ. યાદી કયાં મોકલવાનું કહ્યું. કીવી. બરાબર. ભાઇ કીવી ફળનું નામ છે. ન્યુઝીલેન્ડ કીવી નામથી ઓળખાય છે.હથિયાર ચલાવનારની યાદી કીવ, ઉક્રેન દેશમાં આપવાની છે!!” મેં રાજુની શાબ્દિક ધોલાઇ કરી.

“ ગિરધરભાઇ. આપણે ત્યાં લોકોને રોલો પાડવા, સોટો પાડવા,સિન કરવાની જબરી ખંજવાળ ઊપડતી હોય છે. ક્યાંક ભજન કે લોકડાયરો હોય તો દસ દસ રૂપિયાની નોટો પેટીવાજા, કલાકાર પર શ્રાવણની હેલીની જેમ વરસાવે.ખુદને રિઝર્વ બેંકનો ગવર્નર સમજે. આમ, આડેધડ રૂપિયા તો રિઝર્વ બેંકનો ગવર્નર પણ ઉડાડતો નહીં હોય! હરામ બરાબર ભજનની એક ટૂંકમાં સમજણ પડતી હોય!! ક્યારેક આવા નમૂના લોકડાયરામાં રિવોલ્વર કે ફટાકડી કાઢે.

ફટાકડી આકાશ તરફ હવામાં લહેરાવે.પછી હવામાં ફાયર કરે છે.!

કેટલાક નમૂનો માત્ર સ્ટેટસ સિમ્બોલ માટે હથિયાર રાખવાનું લાયસન્સ મેળવે છે. પછી લાયસન્સવાળું હથિયાર બેંકના લોકરમાં રાખે છે.

જયારે રાતના ત્રણ વાગ્યે કોઇ હુમલો કરે તો હુમલાખોરને કહેવાનું કે પ્લીઝીઇઝ ટેમ્પ્લીસ . હું અડધી કલાકમાં બેંકના કોતરમાંથી મારી ફટાકડી લઇને આવું પછી આપણે ફાઇટીંગ ફાઇટીંગ રમીએ!!

આપણો લોકોને વાતવાતમાં ખાંડા ખખડાવવાની ટેવ હોય છે. જરાક વાંકું પડે કે કટો કે તમંચો કોઇની તરફ તાકીને ધડામ કરતો ધડાકો કરે છે!! પછી પરીણામની વિચારણા કરતા નથી નર્મદની જેમ ડગલું ભર્યું તે ના હટું તેવી ટાઇપના માણસોને ટેટાફિસાદ કર્યા સિવાય બોલો ખાવાનું પચે જ નહીં!!

ભાઇલોગ સોપારી લઇને કોકનું કામ તમામ કરે તો નજીકના અંતરેથી પોઇન્ટ બ્લેક્થી માણસનું કામ તમામ કરતા હાથ કાંપતો હોતો નથી. હૃદય પણ થડકતું નથી.

લડ કાં લડાઇ દે ,ખાંડા ખખડાવવાના ખાનદાની શોખીનો, હથિયારો ચલાવવાના ચાહકો માટે પહેલીવાર સોનેરી તકનું ભવ્યાતિભવ્ય નિર્માણ થયું છે!!!

વાત એમ છે કે રશિયાને તેના પડોશી દેશ યુક્રેન સાથે વાતવાતમાં વાંકું પડ્યું છે. યુક્રેનના હાડકા ખોખરા કરવા રશિયાએ યુધ્ધનું નાનું છમકલું કર્યું છે!!

યુક્રેનના ડીફેન્સ મિનિસ્ટર ઓલેક્સી રેઝનીકોવે હથિયાર ચલાવતા આવડતું હોય તેમને લડાઈમાં લડવા માટે રક્તરંજિત આમંત્રણ આપતી યુદ્ધોત્રી લખી છે!!

ચાલો રણબંકાઓ રણભેરી વાગી છે! તુમુલ શંખનાદ થઇ રહ્યો છે. ખાંડા ખેલવાનો મહાઅવસર તમારા અપ્રતિમ શૌર્યને લલકારી રહ્યો છે.

ઇતિહાસ તમારા પર અનિમેષ નજરે મીટ માંડી રહ્યું છે.જોઇ શું રહ્યા છો. જો ડાઇ જાવ!!ફતેહ પામો અગર રંભા,મેનકા, ઉર્વશી તમારી પ્રતીક્ષા કરી રહી છે!!!!!

ભરત વૈષ્ણવ
૨૫.૨.૨૦૨૨.# હાસ્ય

### મહારાષ્ટ્ર કોંગ્રેસમાં ફરી ભાગલા!

# કોંગ્રેસના ૨૪ નેતાએ નાના પટોલેને પ્રદેશ અધ્યક્ષ પદથી હટાવવાની માંગ કરી



મુંબઇ,તા.૨૫

છત્તીસગઢની રાજધાની રાયપરમાં કોંગ્રેસ પાર્ટીનું મહાઅધિવેશન ચાલી રહ્યું છે. આ મહાઅધિવેશનમાં કોંગ્રેસના તમામ નેતા સામેલ થઈ રહ્યા છે. ૩ દિવસના આ અધિવેશનમાં ઘણા મુદ્દા પર ચર્ચા થઈ રહી છે. સાથે જ કોંગ્રેસ વર્કિંગ કમિટીને લઈને પણ શું નિર્ણય થાય છે, તેની પર લોકોની નજર છે પણ આ દરમિયાન વિદર્ભના ૨૪ કોંગ્રેસી નેતાઓએ મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષને હટાવવાની માંગ કરી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રદેશઅધ્યક્ષ નાના પટોલેને હટાવવાની માંગ સાથે જ શિવાજીરાવ મોઘેને અધ્યક્ષ બનાવવા માટેની પણ માંગ કરવામાં આવી છે.

નાના પટોલે પર શિવાજીરાવ મોઘેના સમર્થકોનો આરોપ છે કે નાના પટોલેના અધ્યક્ષ બન્યા બાદ પાર્ટીમાં જૂથબાજી વધી ગઈ છે. કોંગ્રેસ પાર્ટીની ક્યારેક મુખ્ય વોટ બેંક ગણાતા દલિત, આદિવાસી અને મુસ્લિમ સમુદાય દૂર ચાલી ગયો છે. કોંગ્રેસ નેતા રમેશ ચેન્નથલાએ માંગ કરી છે કે હવે નવા પ્રદેશ અધ્યક્ષ આદિવાસી સમાજના કોઈ વ્યક્તિ હોવા જોઈએ.તે સિવાય નાના પટોલે પર એ પણ આરોપ લગાવવામાં આવ્યો છે કે પાર્ટી મિટિંગમાં તે કોઈનું સાંભળતા નથી અને પોતાની મરજી મુજબ નિર્ણય લે છે.

કોંગ્રેસ સમિતિના સચિવ રહમાન ખાન નાયડૂ, સભ્ય પ્રદેશ કોંગ્રેસ કમિટી પ્રકાશ મુગદીયા, સરદાર મહેન્દ્ર સિંહ સલૂજા, ઈકબાલ હુસૈન સહિત અન્ય ૨૧ પાર્ટી પદાધિકારીઓએ રમેશ ચેન્નથલા પાર્ટી નિરિક્ષક સાથે મુંબઈમાં મુલાકાત કરી. નાના પટોલેને હટાવવાની માંગ કરવા માટે આ તમામ નેતાઓની રાયપુરના કોંગ્રેસ અધિવેશનમાં જવાની વાત પર સહમતિ બની છે.

નાના પટોલે પર અભિમાની હોવાનો આરોપ કોંગ્રેસ નેતાઓ પ્રથમવાર લગાવતા નથી. થોડા સમય પહેલા નાના પટોલે અને કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા બાલાસાહેબ થોરાટની વચ્ચે પણ મતભેદ એટલો વધી ગયો હતો કે કેન્દ્રીય નેતૃત્વને હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. નાસિકમાં વિધાન પરિષદની સ્નાતક બેઠક પર ચૂંટણી દરમિયાન સુધીર તાંબેને ટિકિટ આપવામાં આવી હતી, તેમને છેલ્લા સમયે ટિકિટ ના ભરી અને પોતાના પુત્ર સત્યજીત તાંબેને ચૂંટણીમાં ઉભો કરી દીધો. સત્યજીત તાંબે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા બાલાસાહેબ થોરાટના ભાણિયા છે.

આ બળવાખોરીનો આરોપ બાલાસાહેબ થોરાટને સહન કરવો પડ્યો, ત્યારબાદ સત્યજીત તાંબે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી જીતીને આવ્યા. ત્યારબાદ તરત જ નાટકીય રીતે થોરાટે નાના પટોલેની વિરૂદ્ધ કારણ આપીને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. ત્યારબાદ વાતચીત કરીને તેમને સમજાવ્યા બાદ રાજીનામું પરત ખેંચવા માટે રાજી કરવામાં આવ્યા. તે પછી નાના પટોલેએ કહ્યું કે પાર્ટીમાં કોઈ મતભેદ નથી, ત્યારે હવે ફરી તેમની વિરૂદ્ધ વિદર્ભના ૨૪ પાર્ટી પદાધિકારીઓએ અવાજ ઉઠાવ્યો છે અને કોંગ્રેસનો અંદરનો વિવાદ ફરી એકવાર બધાની સામે આવી રહ્યો છે.

# કોંગ્રેસ સંગઠનમાં મહિલાઓ, ઓબીસી, એસસી, એસટીને ૫૦% અનામત અપાશે

રાયપુર,તા.૨૫

છત્તીસગઢના રાયપુરમાં આશરે અઢી દસકા પછી બિન ગાંધી અધ્યક્ષની આગેવાનીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું ૮૫મું મહા અધિવેશન શુક્રવારે શરૂ થયું. પહેલા દિવસે સ્ટિયરિંગ કમિટીની બેઠકમાં નક્કી કરાયું હતું કે, કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી) એટલે કે કોંગ્રેસ કાર્યકારી સમિતિની ચૂંટણી નહીં યોજાય. આ બેઠકમાં સર્વાનુમતે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને સભ્ય નોમિનેટ કરવાનો અધિકાર અપાયો. આ સાથે જ સંગઠને મહિલાઓ, એસસી, એસટી, ઓબીસી અને યુવાનોને પણ ૫૦% અનામત આપવાનો નિર્ણય કર્યો. ખડગેની અધ્યક્ષતામાં આયોજિત સ્ટિયરિંગ કમિટીની બેઠકમાં સંગઠનના મહા સચિવ કે.સી. વેણુગોપાલે કોંગ્રેસ વર્કિંગ કમિટીનો કાર્યક્રમ રજૂ કર્યો.

આ દરમિયાન ખડગેએ કહ્યું કે, આ અધિવેશન એ રીતે ખાસ છે કે, આજથી આશરે ૧૦૦ વર્ષ પહેલા ૧૯૨૪માં મહાત્મા ગાંધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ત્યારે આ મહા અધિવેશન મારા ગૃહ રાજ્ય કર્ણાટકના બેલગાંવમાં હતું. તેમણે ખૂબ જ ઓછા સમયમાં કોંગ્રેસને ગરીબ, નબળા વર્ગો, ગ્રામીણો અને યુવાનોને એકસાથે જોડીને આઝાદીની લડતને એક આંદોલન બનાવી દીધું હતું. આજે ૧૦૦ વર્ષ પછી એવા જ સંકલ્પની જરૂર છે. તે જ આપણી તેમના માટેની શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ ગણાશે.

રાહુલ ગાંધીએ કન્યાકુમારીથી કાશ્મીર સુધી ભારત જોડો યાત્રાથી દેશભરમાં નવી ઊર્જાનો સંચાર કર્યો છે. તેમણે મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુદ્દે જે રીતે જાગૃતિ ફેલાવી છે, તે જોશ આપણે જાળવી રાખવાનો છે. અઢી કલાક ચાલેલી આ બેઠકમાં કોંગ્રેસ મહા સચિવ જયરામ રમેશે કહ્યું કે, આ બેઠકમાં ૫૩ સભ્ય સામેલ થવાના હતા, પરંતુ છ સભ્ય સામેલ નથી થઈ શક્યા. બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, સીડબલ્યુસીમાં પૂર્વ પીએમ, પૂર્વ અધ્યક્ષ અને વિપક્ષના નેતાને સ્થાયી સભ્ય બનાવવા બંધારણ બદલાશે.

કોંગ્રેસના સૌથી મોટા આ કાર્યક્રમની શરૂઆત (સ્ટિયરિંગ કમિટીની બેઠક)માં ગાંધી પરિવારની ગેરહાજરી અનેક રીતે મહત્ત્વની છે. આવું કરીને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ સંદેશ આપ્યો છે કે, કોંગ્રેસના મહત્ત્વના નિર્ણયો વરિષ્ઠ નેતાઓ સ્વતંત્ર અને લોકશાહી રીતે લે છે. આ ઉપરાંત ચૂંટાયેલા અધ્યક્ષ તરીકે મલ્લિકાર્જુન ખડગે સ્વતંત્ર છે. બીજી તરફ, આ પગલાંને જી૨૦ના આંતરિક લોકશાહી અને ભાજપના પરિવારવાદના આરોપોનો પણ જવાબ મનાઈ રહ્યું છે.

## આંધ્રપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સૌથી ખરાબ છે : ચંદ્રબાબુ નાયડુ

હૈદરાબાદ,તા.૨૫

તેલુગુદેશમ પાર્ટીના નેતા ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી પર ભારે પ્રહારો કર્યો હતાં.પૂર્વ મુખ્યમંત્રી નાયડુએ રેડ્ડીને સાઇકો (સનકી) ગણાવતા આરોપ લગાવ્યો કે રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સૌથી ખરાબ થઇ ગઇ છે.તેમણે કહ્યું કે રાજ્યમાં લોકોને નિર્માણ કાર્ય માટે સામગ્રી મળી રહી નથી અને પૈસા માટે તેને બીજા રાજ્યો વેચી દેવામાં આવી છે.તેમણે આરોપ લગાવ્યો છે કે જગન રેડ્ડીની સરકાર દલિત અને પછાત સમુદાયના લોકોને પરેશાન કરી રહી છે.મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી પર નિશાન સાધતા કહ્યું કે નાયડુએ કહ્યું કે તે સાઇકો રાજ્ય પર શાસન કરી રહ્યાં છે તેમણે બેકારની યોજનાઓથી પ્રદેશને બરબાદ કરી દીધો છે.

જો તેમને માહિતી નથી કે રાજ્યમાં કાયદો વ્યવસ્થા કેવી બનાવી રાખવી છે તો તેમણે રાજીનામુ આપી દેવું જોઇએ.રાજ્યમાં લોકતંત્ર નથી. ટીડીપી સુપ્રીમોએ રેડ્ડીના નેતૃત્વવાળી સરકાર પર આંધ્રના લોકો પર અત્યાચાર કરવાનો આરોપ લગાવ્યો અને જનતાથી રાજ્યને વર્તમાન સરકારના અત્યાચાર અને વિનાશકારી શાસનથી બચવાની લડાઇમાં સામેલ થવાની અપીલ કરી.નાયડુએ આરોપ લગાવ્યો કે રાજ્યમાં દલિત અને પછાત સમુદાયના લોકોને પરેશાન કરવામાં આવી રહ્યાં છે.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૬૪૧ અને ચાંદીમાં રૂ.૧,૨૮૨નો ઘટાડો

## ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૮૨ લપસ્યોઃ કોટન-ખાંડીના વાયદામાં ૧૪,૭૩૬ ખાંડીના વોલ્યુમ સાથે ભાવમાં રૂ.૧૨૦ની નરમાઈઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૦,૮૦૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૪૩,૫૯૧ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદાઓમાં રૂ.૨૬૬ કરોડનાં કામકાજ

વિક્લી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૭થી ૨૩ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન ૩૪,૭૭,૨૬૬ સોદાઓમાં કુલ રૂ.૨,૩૪,૬૬૫.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૦,૮૦૭.૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૪૩,૫૯૧.૯૫ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૨૮,૯૭૯ સોદાઓમાં કુલ રૂ.૪૮,૮૦૨.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૫,૯૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૩૯૫ અને નીચામાં રૂ.૫૫,૫૧૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૪૧ ઘટી રૂ.૫૫,૫૮૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૨૬ ઘટી રૂ.૪૪,૦૯૬ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૨ ઘટી રૂ.૫,૪૮૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૩૪૮ના ભાવે ખૂલી, રૂ.૫૯૯ ઘટી રૂ.૫૫,૬૩૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૫,૨૨૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૬,૨૦૦ અને નીચામાં રૂ.૬૪,૩૧૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૨૮૨ ઘટી રૂ.૬૪,૩૫૧ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૨૮૨ ઘટી રૂ.૬૪,૫૯૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૦૬ ઘટી રૂ.૬૪,૪૬૮ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૧૦,૮૯૦ સોદાઓમાં રૂ.૧૬,૯૨૧.૬૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૭૫ ઘટી રૂ.૨૦૭.૪૫ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૩.૫૫ વધી રૂ.૨૭૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭.૮૦ ઘટી રૂ.૭૬૯.૭૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩.૦૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫,૯૨,૭૦૭ સોદાઓમાં કુલ રૂ.૨૪,૯૨૨.૮૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૫૦૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૫૦૩ અને નીચામાં રૂ.૬,૧૪૭ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૮૨ ઘટી રૂ.૬,૨૫૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૮૦ ઘટી રૂ.૧૯૧.૫૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૮૬૦ સોદાઓમાં રૂ.૧૬૦.૨૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ફેબ્રુઆરી વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૫,૪૨૦ અને નીચામાં રૂ.૬૨,૮૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૨૦ ઘટી રૂ.૬૩,૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૫.૨૦ વધી રૂ.૧૦૨૪.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯,૩૬૬.૫૩ કરોડનાં ૩૪,૫૬૩.૧૦૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨૯,૪૩૫.૯૩ કરોડનાં ૪,૪૬૩.૮૫૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૦,૦૭૨.૫૪ કરોડનાં ૧,૫૯,૧૭,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૪,૮૫૦ કરોડનાં ૭ ૭ ૭ ૦ ૨ ૩ ૭ ૫ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૯૩.૨૯ કરોડનાં ૧૪,૭૩૬ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬૬.૯૧ કરોડનાં ૬૫૩.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૬૮.૩૬૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૬૨.૩૧૮ ટન, ક્રૂડ તેલમાં ૯૪૨૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૭૮૫૦૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૮૮૩૨ ખાંડી, મેન્થા તેલમાં ૩૭૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૨૬૬.૩૯ કરોડનાં ૩,૪૮૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૨૭૧ના સ્તરે ખૂલી, ૧૯૪ પોઈન્ટ ઘટી ૧૫,૧૫૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૪૩,૫૯૧.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૩૮૧.૬૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૭૪૨.૯૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૫,૪૫૩.૦૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭,૦૦૭.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*N.O. G. S. S. No. 0102*.
નામ:- ★રતીલાલ વાયડા★
વિષય:- ★આત્મમંથન.( સત્ય ઘટના આધારિત.)★
પ્રકાર:- ગદ્ય વાર્તા.
શીર્ષક:- ★મુકેશ આત્મમંથનને અનુસર્યો★.
★રચના★:-

મુકેશ એક નાની એવી નોકરી કરતો હતો અને પત્ની અને સંતાનો સાથે રહેતો હતો.

તેના માતાપિતા,એક પરણિત પુત્ર કિશોર ,કુંવારી વિશ વર્ષની પુત્રી કુસુમ,અને નાના પુત્ર સાથે વીસ માઈલ દૂર અલગ રહેતા હતા. કિશોર પણ મુકેશના ગામમાં નાની નોકરી કરતો. બપોરે મુકેશને ત્યાં જમી સાંજે ગામ આવી જતો.

ગામમાં એક રસીક નામનો બ્રાહ્મણ છોકરો સરકારી નોકરી કરતો હતો.ગામમાં જમવાની સગવડ ન હોવાથી,મુકેશના પિતાએ દયાથી પોતાના ઘરે જમવાની વ્યવસ્થા કરી આપી.

સમય જતાં રસીક અને કુસુમને પ્રેમના અંકુરો ફૂટ્યા. બંને ખુબ નજીક આવી ગયા.સમય જતાં કુસુમ ગર્ભવતી થઈ ગઈ.

મુકેશને આ વાતની ખબર પડી અને તેને ભારે દુઃખ થયું. તેના આત્મામાં મહામંથન થવા લાગ્યું કે હવે આ પ્રશ્નનો નિરાકરણ કેવી રીતે કરવું?

તેણે ડોક્ટરની સલાહ લીધી અને ડોક્ટરે જણાવ્યું કે આ બેનને સાત માસનો ગર્ભ છે તેથી તેનો કોઈ ગર્ભપાત થઈ શકે નહીં અને જો થાય તો પણ જીવને જોખમ કહેવાય.

મુકેશે કુસુમને આ બાબત પૂછતા તે કંઈ ન બોલી.અંતે મુકેશે તમાચો માર્યો ત્યારે તેણે બધી વાત કરી.

મુકેશભારેચિંતામાં ★આત્મમંથન★ કરવા લાગ્યો.

છેવટે તેણે નિર્ણય કર્યોકિ રસિકને મળી અને પછી કોઈ રસ્તો કરી શકાય.

તે મન મક્કમ કરી અને રસિક ને મળવા ગયો. મનમાં નક્કી કર્યું કે રસિક જો ના પાડે તો મારી નાખવો અને નહીં તો પછી કુસુમને તેની સાથે પરણાવી દેવી.

મુકેશે રસિકની મુલાકાત લીધી. રસિકે બધી વાત નો ઈનકાર કીધો. પછી મુકેશે કડક શબ્દોમાં ધમકી આપતા તેણે બધી કબૂલાત કરી અને કુસુમની સાથે લગ્ન કરવાની સંમતિ આપી.

મુકેશે બન્નેના કોર્ટમાં લગ્ન કરવી દીધા.આજે બન્ને સુખી જીવન જીવે છે.

મુકેશના ચિંતારૂપ ★આત્મમંથનનો★ સુખદ અંત આવ્યો.
લેખક:- ★રતીલાલ વાયડા★
નવીમુંબઈ.
તારીખ:-૨૩/૦૨/૨૦૨૩.ગુરુવાર.
####################################
NOG NO. S.S.0059.
વિષય:શબ્દ-તમારું અંતર મંથન.
પ્રકાર: ગધ્ય- લેખ.
શિર્ષક 'અનુભૂતિ મંથન ની'
શબ્દો:. ૨૮૫.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

સમગ્ર માનવ જીવનનું રહસ્ય જાણવા ફક્ત ને ફક્ત ત્રણ શબ્દો નો જીવનમા અચૂક અમલ !

જીવન નું ગૂઢાર્થ રહશ્ય જણાવવાનું સામર્થ્ય ધરાવેછે તે
સોનેરી ત્રણ શબ્દો છે,
★તંમારુ અંતર મંથન★
####################################

*N.O. G. S. S. No. 0102*.
નામ:- ★રતીલાલ વાયડા★
વિષય:- ★આત્મમંથન.( સત્ય ઘટના આધારિત.)★
પ્રકાર:- ગદ્ય વાર્તા.
શીર્ષક:- ★મુકેશ આત્મમંથનને અનુસર્યો★.
★રચના★:-

મુકેશ એક નાની એવી નોકરી કરતો હતો અને પત્ની અને સંતાનો સાથે રહેતો હતો.

તેના માતાપિતા,એક પરણિત પુત્ર કિશોર ,કુંવારી વિશ વર્ષની પુત્રી કુસુમ,અને નાના પુત્ર સાથે વીસ માઈલ દૂર અલગ રહેતા હતા. કિશોર પણ મુકેશના ગામમાં નાની નોકરી કરતો. બપોરે મુકેશને ત્યાં જમી સાંજે ગામ આવી જતો.

ગામમાં એક રસીક નામનો બ્રાહ્મણ છોકરો સરકારી નોકરી કરતો હતો.ગામમાં જમવાની સગવડ ન હોવાથી,મુકેશના પિતાએ દયાથી પોતાના ઘરે જમવાની વ્યવસ્થા કરી આપી.

સમય જતાં રસીક અને કુસુમને પ્રેમના અંકુરો ફૂટ્યા. બંને ખુબ નજીક આવી ગયા.સમય જતાં કુસુમ ગર્ભવતી થઈ ગઈ.

મુકેશને આ વાતની ખબર પડી અને તેને ભારે દુઃખ થયું. તેના આત્મામાં મહામંથન થવા લાગ્યું કે હવે આ પ્રશ્નનો નિરાકરણ કેવી રીતે કરવું?

તેણે ડોક્ટરની સલાહ લીધી અને ડોક્ટરે જણાવ્યું કે આ બેનને સાત માસનો ગર્ભ છે તેથી તેનો કોઈ ગર્ભપાત થઈ શકે નહીં અને જો થાય તો પણ જીવને જોખમ કહેવાય.

મુકેશે કુસુમને આ બાબત પૂછતા તે કંઈ ન બોલી.અંતે મુકેશે તમાચો માર્યો ત્યારે તેણે બધી વાત કરી.

મુકેશભારેચિંતામાં ★આત્મમંથન★ કરવા લાગ્યો.

છેવટે તેણે નિર્ણય કર્યોકિ રસિકને મળી અને પછી કોઈ રસ્તો કરી શકાય.

તે મન મક્કમ કરી અને રસિક ને મળવા ગયો. મનમાં નક્કી કર્યું કે રસિક જો ના પાડે તો મારી નાખવો અને નહીં તો પછી કુસુમને તેની સાથે પરણાવી દેવી.

મુકેશે રસિકની મુલાકાત લીધી. રસિકે બધી વાત નો ઈનકાર કીધો. પછી મુકેશે કડક શબ્દોમાં ધમકી આપતા તેણે બધી કબૂલાત કરી અને કુસુમની સાથે લગ્ન કરવાની સંમતિ આપી.

મુકેશે બન્નેના કોર્ટમાં લગ્ન કરવી દીધા.આજે બન્ને સુખી જીવન જીવે છે.

મુકેશના ચિંતારૂપ ★આત્મમંથનનો★ સુખદ અંત આવ્યો.
લેખક:- ★રતીલાલ વાયડા★
નવીમુંબઈ.
તારીખ:-૨૩/૦૨/૨૦૨૩.ગુરુવાર.
####################################
NOG NO. S.S.0059.
વિષય:શબ્દ-તમારું અંતર મંથન.
પ્રકાર: ગધ્ય- લેખ.
શિર્ષક'અનુભૂતિ મંથન ની'
શબ્દો:. ૨૮૫.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

સમગ્ર માનવ જીવનનું રહસ્ય જાણવા ફક્ત ને ફક્ત ત્રણ શબ્દો નો જીવનમા અચૂક અમલ !

જીવન નું ગૂઢાર્થ રહશ્ય જણાવવાનું સામર્થ્ય ધરાવેછે તે
સોનેરી ત્રણ શબ્દો છે,
★તંમારુ અંતર મંથન★

કેટલાં મીઠા-મધૂર રસદાર શબ્દો અને તેના ભાવસભર અર્થ !

★તમારું★ =તમારુ શબ્દ મા જ ★મારુ★ સમાયેલુંછે, જે છોડવુ !

અતિ કઠીન,અતિ મૂશ્કેલ !

આપણે વ્યવહારમાં ડગલે ને પગલે લોકોને કહેતા હોઈએ છીએ કે ★આ બધું તમારું જ છે ને ?★

જયારે, તમારું શબ્દનો અર્થ સમજવો, અને અનૂભવવો જટીલછે.

કારણ..તમારું કદી ★તમારુ★ બની શકવાનું નથી,બનતું નથી.

★અંતર★ શબ્દ દૂર નો પર્યાય ગણી શકાય, સાથે ★અંતર★ ,મન- આત્માનો ઉલ્લેખ કરેછે જે બહું અર્થી શબ્દ છે.

આ ★અંતર★ ને જાણવાં આગવી દ્રષ્ટિ જોઈએ તેમજ દ્રષ્ટિ કેળવવી પડેછે, જે કેળવવા માટે ★ઈશ્ર્વર ની અતિ મોંઘેરી કૃપા દ્રષ્ટી જોઈએ, જે ગણ્યા ગાઠા ને માનવજીવનમાં તે અતિ ભાગ્યશાળીને જ મળતી હોયછે.

ત્રીજો શબ્દ છે ★મંથન★ જે
ઘણોજ ગૂઢાર્થ છે.

પ્યારે દહીં નુ ★મંથન★ કરતા મોંઘુ માખણ - ઘી મળીશકેછે પરંતુ,

જયારે ★તમારું અંતર મંથન★ ની
વાત આવેછે ત્યારે તમને તમારાં માનવ જીવન ના અદભૂત અમૂલ્ય
અને અલૌકિક રહસ્યની તદન સત્ય હકીકત અનુભવવા મળેછે, જે માનવજીવન ની સચોટ સત્ય ની જાણ કરે છે અને તમે અનૂભવોછો...

. પ્યારે', માનવી અનુભવે છે, માણેછે ★સત્યમ શીવમ સૂંદરમ★ નો સૂખદ ભેદ !

★અંતર મંથન★ કરીનેજ
શ્રી વર્ધમાન બન્યા,
★ભગવાન મહાવિર★
જૈન ધર્મના ચોવિસમા તીર્થંકર .
★આત્મ અંતર મંથન★ કરીનેજ
વવાણિયા મા જન્મેલા
શ્રી રાયચંદભાઈ,બન્યા,
★શ્રીમદ રાજચંદ્રજી★
★શતાવધાની જ્ઞાની ગૂરુદેવ★
★આત્મ મંથન★ એટલે ★પ્રભુતા★
મેળવવાની અતિ મૂલ્વાન
જડીબૂટી, જે સાધના દ્વારા
કેળવી શકાય અને મેળવી શકાય.
તમારૂ અંતર આત્મ મંથન કઈ કેટલાય આત્માઓન કલ્યાણ
કેન્દ્ર સ્થાન બની અનેક આત્માઓનુ એકત્વબિન્દુ બની રહેછે.
જય સદગુરદેવ નમ:.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★.
####################################
*NOG SS NO:004*
★વિષય: તમારું અંતર મંથન★
★પ્રકાર: ગદ્ય પદ્ય★
★શબ્દો:૨૩૯★
★શીર્ષક: મીઠું સ્વપ્નશીલ મંથન★

રોજ સૂતી વખતે બોલું કાલે ન ઉઠાડે તો તારો ઉપકાર. રોજ સવારે ઉઠું તો ફરી મલકી ઉઠું બાકી છે

મારી ક્ષણો.આજે હું વાત કરી રહી છું, મારાં અંતિમ દિવસના વિલની ૫ કેમ કહું છું કારણ કોઈએ પૂછ્યું ★આજે તારો છેલ્લો દિવસ હોય તો..!★

છે મારી ઘડી રળિયામણી,
જિંદગીનો દિ, અંતિમ !પણ નથી,મને કોઈ અફસોસ, કારણ હું તો,
ખૂબ આનંદથી જીવી છું,જીવતીરહીશ!
કોઈ કાગળમાં કે પત્રમાં ,
કાંઈ નથી ચિતરવાનું બાકી!
બેક્રો જ પાસબુક અપડેટ કરી દે છે,
છોકરાઓને એ સિવાય શું જોઈએ?
તેથી કહી દીધું છે આજે આવતું હોય
હમણાં જ આવે, બહુ સુંદર જીવી છું.
નથી જિજીવિષાપ
નથી કલ્પના કોઈ ડરની,
નથી કોઈનામાં જીવ, નથી ભાવતું ખાવું,
મને તો ★આજે મળે અંતિમ દિવસ તો!★
નજરોમાં લોબીનાં રંગીન સુંદર ફૂલો,
પેલાં દૂર દૂર બર્ફીલા પહાડોપ
ખૂબ ઉંચે દેખાતો પેલો શ્વેત ચંદ્રમા, અચાનક દેખાય જતાં ટમટમતા તારા !
ઓહ! અહીંનો શો મોહ !
મારે તો રમવું છે તારલિયા સાથે,
માણવી છે ચાંદામામાની શીતળતા,
દાહ સમાવવો છે સંસારના ડામનો!
આકાશે આજ રાત છે પૂનમની,
ઓહ! કેવો ભવ્ય છે મારો આ ★સ્વપ્નશીલ અંતિમ દિવસ★

સાચે જ મારું આ મંથન કેવું મીઠું છે ન મોહ ન માયા આત્માને કોઈનામાં જ અટવાવું નહિ.. ઉડી જશે તે તો આ જૂનું થયેલું પીંજર તોડી.. નવા પીંજરમાં ! બસ ઈશ્વર માનવ અવતાર આપે તો માનવતા સાથે જ આપજે. મારાં

આ વીલને સચવાય તો સુવર્ણ અક્ષર સમજી સાચવજે પ્રભુ??
★જયશ્રી પટેલ★
★૨૪/૨/૨૩★

કેટલાં મીઠા-મધૂર રસદાર શબ્દો અને તેના ભાવસભર અર્થ !

★તમારું★ =તમારુ શબ્દ મા જ ★મારુ★ સમાયેલુંછે, જે છોડવુ !

અતિ કઠીન,અતિ મૂશ્કેલ !

આપણે વ્યવહારમાં ડગલે ને પગલે લોકોને કહેતા હોઈએ છીએ કે ★આ બધું તમારું જ છે ને ?★

જયારે, તમારું શબ્દનો અર્થ સમજવો, અને અનૂભવવો જટીલછે.

કારણ..તમારું કદી ★તમારુ★ બની શકવાનું નથી,બનતું નથી.

★અંતર★ શબ્દ દૂર નો પર્યાય ગણી શકાય, સાથે ★અંતર★ ,મન- આત્માનો ઉલ્લેખ કરેછે જે બહું અર્થી શબ્દ છે.

આ ★અંતર★ ને જાણવાં આગવી દ્રષ્ટિ જોઈએ તેમજ દ્રષ્ટિ કેળવવી પડેછે, જે કેળવવા માટે ★ઈશ્ર્વર ની અતિ મોંઘેરી કૃપા દ્રષ્ટી જોઈએ, જે ગણ્યા ગાઠા ને માનવજીવનમાં તે અતિ ભાગ્યશાળીને જ મળતી હોયછે.

ત્રીજો શબ્દ છે ★મંથન★ જે
ઘણોજ ગૂઢાર્થ છે.

પ્યારે દહીં નુ ★મંથન★ કરતા મોંઘુ માખણ - ઘી મળીશકેછે પરંતુ,

જયારે ★તમારું અંતર મંથન★ ની
વાત આવેછે ત્યારે તમને તમારાં માનવ જીવન ના અદભૂત અમૂલ્ય

અને અલૌકિક રહસ્યની તદન સત્ય હકીકત અનુભવવા મળેછે, જે માનવજીવન ની સચોટ સત્ય ની જાણ કરે છે અને તમે અનૂભવોછો...

પ્યારે', માનવી અનુભવે છે, માણેછે ★સત્યમ શીવમ સૂંદરમ★ નો સૂખદ ભેદ !

★અંતર મંથન★ કરીનેજ
શ્રી વર્ધમાન બન્યા,
★ભગવાન મહાવિર★
જૈન ધર્મના ચોવિસમા તીર્થંકર .
★આત્મ અંતર મંથન★ કરીનેજ
વવાણિયા મા જન્મેલા
શ્રી રાયચંદભાઈ,બન્યા,
★શ્રીમદ રાજચંદ્રજી★
★શતાવધાની જ્ઞાની ગૂરુદેવ★
★આત્મ મંથન★ એટલે ★પ્રભુતા★
મેળવવાની અતિ મૂલ્વાન
જડીબૂટી, જે સાધના દ્વારા
કેળવી શકાય અને મેળવી શકાય.
તમારૂ અંતર આત્મ મંથન કઈ કેટલાય આત્માઓન કલ્યાણ
કેન્દ્ર સ્થાન બની અનેક આત્માઓનુ એકત્વબિન્દુ બની રહેછે.
જય સદગુરદેવ નમ:.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★.
####################################
*NOG SS NO:004*
★વિષય: તમારું અંતર મંથન★
★પ્રકાર: ગદ્ય પદ્ય★
★શબ્દો:૨૩૯★
★શીર્ષક: મીઠું સ્વપ્નશીલ મંથન★

રોજ સૂતી વખતે બોલું કાલે ન ઉઠાડે તો તારો ઉપકાર. રોજ સવારે ઉઠું તો ફરી મલકી ઉઠું બાકી છે

મારી ક્ષણો.આજે હું વાત કરી રહી છું, મારાં અંતિમ દિવસના વિલની ૫ કેમ કહું છું કારણ કોઈએ પૂછ્યું ★આજે તારો છેલ્લો દિવસ હોય તો..!★

છે મારી ઘડી રળિયામણી,
જિંદગીનો દિ, અંતિમ !પણ નથી,મને કોઈ અફસોસ, કારણ હું તો, ખૂબ આનંદથી જીવી છું,જીવતીરહીશ!
કોઈ કાગળમાં કે પત્રમાં ,
કાંઈ નથી ચિતરવાનું બાકી!
બેક્રો જ પાસબુક અપડેટ કરી દે છે,
છોકરાઓને એ સિવાય શું જોઈએ?
તેથી કહી દીધું છે આજે આવતું હોય
હમણાં જ આવે, બહુ સુંદર જીવી છું.
નથી જિજીવિષાપ
નથી કલ્પના કોઈ ડરની,
નથી કોઈનામાં જીવ, નથી ભાવતું ખાવું,
મને તો ★આજે મળે અંતિમ દિવસ તો!★
નજરોમાં લોબીનાં રંગીન સુંદર ફૂલો,
પેલાં દૂર દૂર બર્ફીલા પહાડોપ
ખૂબ ઉંચે દેખાતો પેલો શ્વેત ચંદ્રમા, અચાનક દેખાય જતાં ટમટમતા તારા !
ઓહ! અહીંનો શો મોહ !
મારે તો રમવું છે તારલિયા સાથે,
માણવી છે ચાંદામામાની શીતળતા,
દાહ સમાવવો છે સંસારના ડામનો!
આકાશે આજ રાત છે પૂનમની,
ઓહ! કેવો ભવ્ય છે મારો આ ★સ્વપ્નશીલ અંતિમ દિવસ★

સાચે જ મારું આ મંથન કેવું મીઠું છે ન મોહ ન માયા આત્માને કોઈનામાં જ અટવાવું નહિ.. ઉડી જશે તે તો આ જૂનું થયેલું પીંજર તોડી.. નવા પીંજરમાં ! બસ ઈશ્વર માનવ અવતાર આપે તો માનવતા સાથે જ આપજે. મારાં

આ વીલને સચવાય તો સુવર્ણ અક્ષર સમજી સાચવજે પ્રભુ??
★જયશ્રી પટેલ★
★૨૪/૨/૨૩★

## શાહની રેલીમાંથી પરત ફરી રહેલા ૧૫ લોકોના મોતઃ મધ્યપ્રદેશમાં બેકાબૂ ટ્રકે 3 બસને ટક્કર મારી

રીવા,તા.૨૫

મધ્યપ્રદેશના સિધીમાં ચુરહટ-રીવા નેશનલ હાઈવે પર બડખરા ગામ પાસે શુક્રવારે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૫ મુસાફરોનાં મોત થયાં હતાં. જ્યારે ૫૦ લોકો ઘાયલ છે, જેમાંથી ૧૦ની હાલત ગંભીર છે. મૃતકોમાંથી આઠનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બાકીનાં હોસ્પિટલમાં મૃત્યુ પામ્યાં હતાં.

ટ્રકનું ટાયર ફાટવાને કારણે અકસ્માત સર્જાયો હતો. ટ્રકે પાર્ક કરેલી ત્રણ બસોને ટક્કર પાછળથી મારી હતી. અત્યાર સુધી માત્ર ૧૦ મૃતકોની ઓળખ થઈ શકી છે.

આ બસો સતનામાં આયોજિત કોલ સમાજના મહાકુંભમાં હાજરી આપીને સીધી પરત ફરી રહી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સીએમ શિવરાજસિંહે પણ હાજરી આપી હતી. સીએમ શિવરાજ સિધીમાં હતા. માહિતી મળતાં જ તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. નજરેજોનાર લોકોએ જણાવ્યું કે આ દુર્ઘટના મોહનિયા ટનલથી થોડે દૂર રાત્રે ૯ વાગે થઈ હતી. અહીં એક પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે ત્રણ બસને ટક્કર મારી હતી. બે બસ ૧૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. જ્યારે, એક બસ હાઈવે પર જ પલટી ગઈ હતી. ટ્રક સિમેન્ટથી ભરેલી હતી, ટક્કર બાદ પલટી ગઈ હતી.

કહેવામાં આવી રહ્યું છે કે સતનામાં આયોજિત કોલ જનજાતિ મહાકુંભના કાર્યક્રમમાં ભીડ એકઠી કરવા માટે વિંધ્ય ક્ષેત્રના તમામ જિલ્લાઓમાં ૩૦૦-૩૦૦ બસોમાં લોકોને ભરીને લાવવાનો ટાર્ગેટ અપાયો હતો. સાંજે ૫.૩૦ કલાકે કાર્યક્રમ પૂરો થયો. સતનાથી તમામ બસો રામપુર બઘેલાન અને રીવા થઈને મોહનિયા ટનલ થઈને સીધી જઈ રહી હતી.ટનલથી એક કિલોમીટર દૂર સિધી જિલ્લાના ચુરહટ પોલીસ સ્ટેશન વિસ્તારના બરખાડા ગામ પાસે ત્રણ બસો થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી. અહીં પ્રવાસીઓ માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી આવતી સિમેન્ટ ભરેલી ટ્રકે ત્રણેય બસને ટક્કર મારી હતી. ત્રણેય બસમાં ૫૦ થી ૬૦ મુસાફરો સવાર હતા.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મૃતકોના નજીકના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા પ્રત્યેકને ૨ લાખ રૂપિયા અને આકસ્મિક રીતે ઘાયલોને ૧-૧ લાખ રૂપિયા આર્થિક સહાયની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી શિવરાજ રાત્રે જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેણે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ વીડી શર્મા પણ હાજર રહ્યા હતા. અગાઉ સીધીના કલેક્ટર અને એસપીએ પણ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

સીધીના સાંસદ રીતિ પાઠક પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ નેતા કમલનાથ, અજય સિંહે પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

## ઉપેન્દ્ર કુશવાહાએ વિધાન પરિષદના સભ્ય પદે રાજીનામુ આપ્યું

પટણા,તા.૨૫

જનતાદળ યુનાઈટેડ (જેડીએસ)ની સાથે છોડી પોતાની નવી પાર્ટી બનાવી ચુકેલ ઉપેન્દ્ર કુશવાહાએ બિહાર વિધાન પરિષદના સભ્ય તરીકે રાજીનામુ આપી દીધું છે.રાજીનામુ આપ્યા બાદ કુશવાહાએ કહ્યું કે ચક્રવ્યૂહથી બહાર આવવાને લઇ તેમને સુખદ અનુભૂતિ થઇ રહી છે.એ યાદ રહે કે ઉપેન્દ્ર કુશવાહાએ જદયુથી અલગ થઇ નવી પાર્ટી રાષ્ટ્રીય લોકજનતાદળ બનાવી ત્યારબાદ તે બિહાર વિધાનમંડળ પહોંચ્યા અને વિધાન પરિષદના સભાપતિ દેવેશ ચંદ્ર ઠાકુરને પોતાનું રાજીનામુ સોંપ્યું હતું.

ઉપેન્દ્ર કુશવાહાએ રાજીનામુ આપ્યા બાદ પોતાના સત્તાવાર ટ્વિટર હૈંડલથી ટ્વીટ કરી લખ્યું મુખ્યમંત્રી જી ત્વદીયં વસ્તુ તુભ્યમેવ સમર્પયે.મેં વિધાન પરિષદની સભ્યતાથી રાજીનામુ આપ્યું છે મન હવે હલકુ થઇ ગયું છે.

NEWS OF GANDHINAGAR_P-3

## ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ



તાઃ૨૫-૦૨-૨૦૨૩

કચ્છ જીલ્લાના ધોરડો ખાતે SC-OBC-કિસાન મોરચાની સયુંકત કારોબારી બેઠકમાં ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી,પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા,રાજ્યસભાના સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડિયા, અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલસિંહ આર્યાજી,અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી પ્રદ્યુમ્નભાઈ વાજા,બક્ષીપંચ મોરચાના કાર્યકારી પ્રમુખ શ્રી મયંકભાઈ નાયક, કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ રાજ્યસભાના સાંસદ શ્રી ડૉ અનિલ બોન્ડે,કિસાન મોરચાના પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ,ધારાસભ્યશ્રીઓ શ્રી ઉદયભાઈ કાનગડ,શ્રી શંભુનાથજી ટુંડિયા સહીત પ્રદેશ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર

# ગાંધીનગર જિલ્લાના છાલા ગામે “આયુષમેળા” યોજાયો : ૧૪ હજારથી વધુ નાગરિકોએ મેળાનો લાભ લીધો








ગાંધીનગર,શનિવાર :

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા આજે 'આયુષ મેળા'નું આયોજન છાલાગામની શેઠ કે. એમ. શાહ હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું. આ મેળાનો લાભ કુલ- ૧૪ હજારથી વધુ આસપાસના ગ્રામજનોએ લીધો હતો.

આ આયુષ મેળા અંતર્ગત આયુર્વેદવનસ્પતિપ્રદર્શન,જનરલ ઓ.પી.ડી, રોગ પ્રમાણે યોગ, મર્મચિકિત્સા, પ્રકૃતિપરીક્ષણ ,નાડી પરીક્ષણ, યુનાની ચિકિત્સા, પંચકર્મ, ગર્ભ સંસ્કાર અને બાળ રોગ,સ્ત્રી રોગ, લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર, અગ્નિકર્મ, દંતોત્પાટન જેવા ૧૭ જેટલા પ્રદર્શન સ્ટોલ દ્વારા જુદી જુદી ચિકિત્સા લક્ષી સેવાઓનો લાભ છાલા ગામ તથા આસપાસના ગ્રામજનોને આપવામાં આવ્યો.

સમગ્ર દિવસ દરમ્યાન યોજાયેલ આયુષ મેળામાં યોગશિબિર – ૩૦૦, નાડીપરીક્ષણ- ૧૬૮,અગ્નિ કર્મ- ૬૮૫,વિદધ કર્મ- ૫૭૪, રકતમોક્ષણ- ૪૬, આયુર્વેદ ઓપીડી – ૧૨૪૦, હોમિયોપેથ ઓપીડી - -૨૧૦, યુનાની ચિકિત્સા- ૧૧૦, પ્રકૃતિ પરીક્ષણ --૫૧૬, મર્મ, ચિકિત્સા- ૧૬૨, સુવર્ણ પાશન – ૩૭૨, બી.પી.સુગર ચેકઅપ – ૧૨૩, વનસ્પતિ પ્રદર્શન-૩૧૬૧અને રસોડાના ઔષધનો ૩૧૬૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આયુષ મેળામાં પ્રમુખશ્રી જિલ્લા પંચાયત દિલીપભાઈ પટેલ તથા ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી અલ્પેશભાઈ ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી ગાંધીનગર શંભુજી ઠાકોર ,પૂર્વ પ્રમુખશ્રી જિલ્લા પંચાયત મંગીબેન ચૌધરી, સામાજિક ન્યાય સમિતિ ગાંધીનગરના ચેરમેનશ્રી, સરપંચશ્રી છાલા ગામ મેઘનાબેન ચૌધરી, તથા ભાજપ અગ્રણી દિલીપભાઈ ચૌધરી, સમાજ કલ્યાણ અધિકારી જિલ્લા પંચાયત ગાંધીનગર સુધાબેન બારોટ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ડો. ભાવનાબેન પટેલ, જિલ્લા આયુર્વેદિક અધિકારી દ્વારા શાબ્દિક સ્વાગત કરી ઔષધિય છોડ તથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ લોકોને હર્બલ- ટી નું વિતરણ કરવામાં આવ્યું અને સાથે સાથે તેનાથી થતાં ફાયદા અંગે પણ લોકોમાં જાગૃતિ કેળવાય તેવી માહિતી પણ આપવામાં આવી હતી.

## અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસણખોરીનો મામલો, બે એજન્ટોની કલોલ પોલીસે ધરપકડ કરી

કલોલ,તા.૨૫

અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસણ ખોરી મામલે આજે કલોલ તાલુકા પોલીસે બે એજન્ટો સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ મામલે અન્ય એજન્ટની શોધખોળ શરુ કરી છે. આ મામલામાં અમદાવાદ-ગાંધીનગરના કુલ સાત એજન્ટોના નામ સામે આવ્યા હતા. આ સાત પૈકી કલોકના બે એન્જટોની સામે ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે.

કલોલના બ્રીજકુમાર યાદવ અને તેના પરિવારને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરવા સમયે અમરિકા-મેક્સિકો બોર્ડર પર આવેલી ૩૦ ફુટ ઉંચી ટ્રમ્પ વોલ કુદવા જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનામાં બ્રીજકુમાર યાદવનું કરુણ મોત નીપજ્યું હતું જ્યારે તેની પત્ની પુજા અને પુત્ર તન્મયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવી હતી. આ મામલામાં અમદાવાદ-ગાંધીનગરના કુલ સાત એજન્ટોના નામ સામે આવ્યા હતા. આ સાત પૈકી કલોલના સાહિલ વ્યાસ અને સૌરભ પટેલની ધરપકટ કરવાની સાથે કલોલ તાલુકા પોલીને ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર બનાવની વિગતો મુજબ કલોલ જીઆઈડીસીમાં નોકરી કરતા બ્રીજકુમાર યાદવને પરિવાર સાથે અમેરિકા જવાની ઈચ્છા હોવાથી તેણે એજન્ટો સાથે લાખો રુપિયામાં ડીલ કરીને તેની પત્ની પુજા, પુત્ર તન્મયના બનાવટી દસ્તાવેજો બનાવ્યા હતા અને નક્કી થયા મુજબ મેક્સિકો-અમેરિકા બોર્ડર આવેલી ટ્રમ્પ વોલને કુદીને જવાનું નક્કી કર્યુ હતું. તેઓ પહેલા ટ્રેન મારફતે મુંબઈ અને ત્યાથી તુર્કેઈની રાજધાની ઈસ્તંબુલ પહોંચ્યા હતા જ્યાથી કોઈપણ રીતે તે મેક્સિકો પહોંચ્યા હતા. મેક્સિકોની બોર્ડર પર પહોંચ્યા બાદ ખ્યાલ આવ્યો હતો કે ટ્રમ્પ વોલ ૩૦ ફુટ ઉંચી છે અને તેને કુદીને અમેરિકામાં પ્રવેશ કરવાનો છે. આ ટ્રમ્પ વોલ કુદતા સમયે બ્રીજકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની પત્ની પુજા અને તન્મયને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાયા હતા. આ મામલે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તપાસમાં અમદાવાદના એક અને ગાંધીનગરના છ એજન્ટોના નામ બહાર આવ્યા હતા. જે પૈકી કલોલના જ સાહિલ વ્યાસ અને સૌરભ પટેલની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે બ્રીજકુમારના મોત અંગે કલોલ તાલુકા પોલીસે જુદી જુદી ધારાઓ હેઠળ ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

## પંજાબમાં બધે શાંતિ- શાંતિ છે', પંજાબ પોલીસ સક્ષમ : ભગવંત માનનું નિવેદન

પંજાબના અજનાલા અથડામણ પર સીએમ ભગવંત માનને સવાલ પૂછવામાં આવ્યો હતો. તેણે જવાબ આપ્યો કે તમારી પાસે ખોટી માહિતી છે. પંજાબમાં કાયદો અને વ્યવસ્થા નિયંત્રણમાં છે અને પંજાબ પોલીસ સક્ષમ છે. અમારી પાસે શાંતિપૂર્ણ રાજ્ય છે. પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને શુક્રવારે કહ્યું હતું કે અજનાલામાં પંજાબ પોલીસ સાથે ખાલિસ્તાન તરફી સંગઠન ‘વારિસ પંજાબ દે’ અમૃતપાલ સિંહના સમર્થકોની અથડામણના એક દિવસ પછી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિયંત્રણમાં છે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના મુંબઈ નિવાસ માતોશ્રી ખાતે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા એવું લાગી રહ્યું હતું કે ભગવંત માન અજનલા હિંસા પરના પ્રશ્નોને ટાળી રહ્યા છે. અજનાલા અથડામણ અંગેના પ્રશ્નના જવાબમાં માનએ કહ્યું કે તમારી પાસે ખોટી માહિતી છે. પંજાબમાં કાયદો અને વ્યવસ્થા નિયંત્રણમાં છે અને પંજાબ પોલીસ સક્ષમ છે. અમારી પાસે શાંતિપૂર્ણ રાજ્ય છે. તેમણે કહ્યું કે મોટા ઉદ્યોગોએ ત્યાં રોકાણ કરવાનું શરૂ કર્યું છે. પહેલા એક ખાસ પરિવાર સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા, હવે પંજાબના ત્રણ કરોડ લોકો સાથે એમઓયુ કરવામાં આવી રહ્યા છે.

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને મુંબઈમાં તેમના નિવાસસ્થાને મળ્યા હતા.

## પતિના મોતની ખબર મળવાના અડધા કલાકમાં જ પત્નીએ પણ પ્રાણ છોડ્યો, એકસાથે બંનેની અર્થી નીકળી

નવસારી,તા.૨૫

સાથે જીવશું સાથે મરશું... ગીતની પંક્તિને તોરણવેરાના પૂર્વ સરપંચ ભાવના ગાવિતે સાચી ઠેરવી હતી. નવસારીમાં એક દુખદ ઘટના બની હતી. અકસ્માતમાં પતિના મોતની ખબર મળતા જ પત્નીએ પણ પ્રાણ છોડ્યા હતા. નવસારીના ખેરગામ તોરણવેરા ગામના ૩૮ વર્ષીય અરૂણ ગાવિતનું ગુરૂવારે રાતે બાઈક ગામમાં જ સ્લીપ થતા મોતને ભેટ્યા હતા. અરૂણ ગાવિતના મોતની વાત જાણતા જ પત્ની ભાવના ગાવિત બેશુદ્ધ થઈને ઢળી પડ્યા હતા. ત્યારે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી પણ તેમને પણ હૃદયરોગના હુમલાને કારણે પત્ની ભાવનાએ પણ પણ પ્રાણ છોડ્યા હતા. પતિના મોતના અડધા કલાકમાં જ પત્નીના મોતથી બે માસૂમ બાળકોએ માતા પિતાની છત્ર છાયા ગુમાવી છે. મૃતક ભાવના ગાવીત ખેરગામના પૂર્વ સરપંચ હતા. સેવાભાવી દંપતીના મોતથી તોરણવેરામાં શોકનો માહોલ છવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખેરગામ તાલુકાના તોરણવેરા ગામે રહેતા અરુણભાઈ ગાવિત ગુરુવારે રાતે કોઈ કામ અર્થે બહાર ગયા હતા. ૩૮ વર્ષીય અરુણભાઈ ગાવિત રાતે ૮.૩૦ કલાકે કામ પતાવીને પરત ઘરે ફરી રહ્યાહ તા, ત્યારે ગરનાળા પાસે તેમની બાઈક સ્લીપ થઈ ગયુ હતું. આ બાદ અરુણભાઈ નીચે પટકાયા હતા. સ્થાનિક લોકો અરુણભાઈને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં હોસ્પિટલના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટનાની જાણ તેમના પરિવારજનોને કરવામાં આવી હતી. પતિના મોતના સમાચાર સાંભળીને પત્ની ભાવનાબેન ગાવિતની તબિયત લથડી હતી, તેમને ગભરામણ થવા લાગી હતી અને તેઓ બેહોશ થઈ ગયા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમને હાર્ટએટેક આવ્યો હોવાની જાણ થઈ હતી. એટેકથી હૃદય બેસી જતા ભાવનાબેનનું પણ મોત નિપજ્યુ હતું.આમ, હસતો રમતો પરિવાર પળવારમાં વિખેરાયો હતો. પતિ પત્નીના એકસાથે અર્થી ઉઠતા ગામમાં ગમગીનીનો માહોલ છવાયો હતો. તો પતિ પત્નીના મોતથી તેમના બે સંતાનો એક ૧૪ વર્ષની પુત્રી તથા ૧૦ વર્ષનો પુત્ર નોંધારા બન્યા હતા.

## અમરેલીના ગામોમાં ૨૪ કલાકમાં ભૂકંપના ૬ આંચકા! ગ્રામજનો ધ્રૂજી ઉઠ્યા

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લામાં ભૂકંપના આંચકાએ લોકોના જીવ અધ્ધર કર્યા છે. ૨૪ કલાકમાં અહીં ૬ આંચકા આવતા ધરા ધ્રૂજી ઉઠી છે અને લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ભૂકંપના આંચકા અનુભવાતા ખાંભાના ભાડ ગામમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

ભૂકંપની તિવ્રતા ઓછી નોંધાઈ છે આમ છતાં વારંવાર આવતા આંચકાના કારણે લોકોમાં ડર પેસી ગયો છે. ગ્રામજનોએ જણાવ્યું કે ભૂકંપના કારણે તેમની રાતની ઊંઘ ઉડી ગઈ છે, લોકો ડરના કારણે રાત્રે ઘરની બહાર સૂઈ જવા માટે મજબૂર બન્યા છે.

અમરેલીના ખાંભામાં અનુભવાયેલા ભૂકંપની રિક્ટર સ્કેલ પર તિવ્રતા ૩.૨ નોંધાઈ છે. જ્યારે ભૂકંપનું કેન્દ્ર બિન્દુ નાના ધારી ઈંગોરાળા વિસ્તારમાં નોંધાઈ છે. કચ્છ સહિત સૌરાષ્ટ્રના ગામોમાં વારંવાર ભૂકંપના આંચકા લોકોને ડરાવી રહ્યા છે.

ગીરના જંગલના ગામડામાં સતત વધી રહેલા ભૂકંપના આંચકા લોકોને આશ્ચર્યમાં મૂકી રહ્યા છે.

અમરેલીમાં અવારનવાર ભૂકંપના આંચકા આવી રહ્યા છે પરંતુ બે દિવસથી આ સંખ્યામાં વધારો થયો છે.

ભૂકંપના આંચકા વધવાની સાથે તેની તિવ્રતામાં પણ વધારો થઈ રહ્યો છે જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

ખાંભા તાલુકાના ભાડ, વાકિયા, ઈંગોરાળા, નાની ધારી સહિતના ગામોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

### ખેડૂતો માટે કલ્યાણકારી અને લાંબા ગાળાના લાભો આપનારું બજેટઃ રાજ્યપાલ

ગાંધીનગર,તા.૨૫

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ માટે કિસાનો પ્રેરિત થાય એવા પ્રયત્નો કરીને, ખેડૂતોની આવક બમણી કરવા સરકારે વાવણીથી વેચાણ સુધી ખેડૂતોની પડખે રહેવાની પ્રતિબદ્ધતા આ અંદાજપત્રમાં વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈને અમૃતકાળ માટે ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસની દિશા નિર્ધારિત કરતા અંદાજપત્ર માટે અભિનંદન આપતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી સંલગ્ન પ્રશિક્ષણ અને કૃષિ, મત્સ્યોદ્યોગના વિસ્તરણ-સંશોધન માટે કાર્યરત ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીમાં શિક્ષણ, સંશોધન અને માળખાકીય સગવડોના વિકાસ માટે રાજ્ય સરકારે રૂપિયા ૧,૧૫૩ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે, જે આવકાર્ય છે. આ જોગવાઈથી ખેડૂતોની આવતીકાલ વધુ ઉજ્જ્વળ બનશે.

## સવારે ઘરઘાટી તરીકે કામ શરુ કર્યુ, બપોરે ઘર માલિકના ઘરેણા ચોરી ૨ મહિલાઓ ફરાર

સુરત,તા.૨૫

સુરતના ઘરઘાટી તરીકે કામ કરીને ચોરી કરવાના બનાવોમાં દિવસે દિવસે વધારો થતો જઇ રહ્યો છે. ત્યારે સુરતમાંથી વધુ એક આવી ઘટના સામે આવી છે. સુરતના વેસુ વિસ્તારમાં શુક્રવારે સવારે નોકરી લાગેલી બે યુવતીઓ કલાકોમાં જ નિવૃત મામલતદારનું ઘર સાફ કરી ગઇ હતી. ઘટનાને લઈ વેસુ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સુરતમાં આ એક બનાવ સામે આવ્યો હોય તેવું નથી. સુરતમાં આવા નોકર ચોરીના કિસ્સાઓ અગાઉ પણ અનેક વાર સામે આવ્યા છે.સુરતના વેસુ આવેલી એક સોસાયટીની અંદર ઘર કામ માટે રાખેલી એક મહિલા પોતાની સાથે બીજી મહિલા સાથે મળી ઘરમાંથી લાખો રૂપિયાના દાગીના લઈ બપોરના સમયે ઘરમાં હાથસાફ કરી ગઇ હતા. ઘર માલિકને આ અંગેની જાણ થતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જે પછી પોલીસ મથકના પોલીસ કર્મચારીઓ વેસુ ગામ સ્થિત વ્રજ બંગ્લોમાં દોડી ગયા હતા. પોલીસે આજુબાજુના સીસીટીવી ચેક કર્યા હતા. પોલીસને સીસીટીવી કેમેરામાં આ બંને મહિલાઓ ચોરી બાદ શરીર ઉપર સાલ લપેટીને જતી જોવા મળી હતી.પોલીસના જણાવ્યા પ્રમાણે મામલતદાર તરીકે નિવૃત થયા બાદ વકીલાત કરતાં વી.એન. પટેલના ઘરે શુક્રવાર ૨૪ ફેબ્રુઆરીની સવારે બે મહિલાઓ કામ માગવા આવી હતી. કામવાળીની જરૂરિયાત હોવાથી તેમણે બંનેને ત્યારથી જ નોકરીએ રાખી લીધા હતા. જોકે પુરતાં વેરિફીશન વિના ઉતાવળે કામવાળી રાખવાની ભૂલ તેમનેભારે પડી હતી.માત્ર સવા કલાક જ બંને કામવાળીઓ કબાટમાંથી કિંમતી ઘરેણાં ચોરી કરી પલાયન થઇ ગઇ હતી.

## એક હજાર રુપિયાની લાંચ લેનારા ક્લાર્કના કેસમાં ૧૬ વર્ષે આવ્યો ચૂકાદો

રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાના સોલીડ મેનેજમેન્ટ વિભાગના ક્લાર્કને ૧૬ વર્ષ પૂર્વે લીધેલી રુ. ૧,૦૦૦ની લાંચ કેસમાં ખાસ અદાલતે મહત્વનો ચૂકાદો આપ્યો છે. ૧૬ વર્ષ પહેલા ચંદ્ગકાંત ઉર્ફે ચંદ્ગદાન દોલતદાન ગઢવીએ સાથી કર્મચારી પાસેથી લોન માટેના દસ્તાવેજમાં સહી કરાવવા માટે લાંચ માંગી હતી. જે અંગે એસીબીમાં ફરિયાદ નોંધાઈ હતી, આ કેસનો ચૂકાદો આવ્યો છે. આ કેસમાં ચંદ્ગદાન દોલતદાન ગઢવીને પાંચ વર્ષની સજા અને ૪૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ અંગે ખાસ અદાલતના જજ બી. ડી. પટેલની કોર્ટમાં જ્યારે કેસ ચાલી રહ્યો હતો, ત્યારે ક્લાર્ક ચંદ્રદાને કોર્ટમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાની દલીલ કરી હતી. જો કે સરકારી વકીલ એસ. કે. વોરાએ દલીલ કરી હતી કે આરોપીના ખિસ્સામાંથી એક હજાર રૂપિયા મળ્યા છે અને તેના ખિસ્સામાંથી પાવડર પણ મળી આવ્યો છે, જે આરોપીએ લાંચ લીધી હોવાનું પુરવાર કરે છે.

ત્યારે સરકારી વકીલની દલીલથી ચંદ્રકાંત કસૂરવાર જાહેર થયો છે. કોર્ટે વકીલની દલીલ ગ્રાહ્ય રાખી હતી અને કોર્ટે આરોપીને સજા સંભળાવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના વર્ગ ૩ના કર્મચારી ચમન શિંગાળાએ તેના ઘરે રિનોવેશન માટે બેંક લોનની અરજી કરી હતી. બેંક સાથેના કરારમાં મનપાના કર્મચારીના પગારમાંથી હપ્તો કપાતો હોય છે. જે માટે ઉપરી અધિકારીની સહી કરવાની જરૂરિયાત હોય છે. આ માટે ચંદ્રકાંત ઉર્ફે ચંદ્રદાને આ સહી કરાવવા માટે ૧ હજાર રૂપિયાની લાંચ માંગી હતી અને ૧ હજાર રૂપિયા આપવામાં આવે તો સહી સિક્કા કરી આપવાનું કહ્યું હતું. જે અંગે ચમનભાઈએ એસીબીમાં ફરિયાદ કરી હતી અને એસીબીએ રંગેહાથ ઝડપી લીધા હતા.

મહત્વનું છે કે ગઈકાલે અમદાવાદમાંથી પણ એક લાંચિયો એજન્ટ ઝડપાયો હતો. એસીબીએ લાંચ લેતા એજન્ટ રાજેન્દ્ર પ્રધાનને ઝડપી પાડયો છે. જિલ્લા ઉદ્યોગ ભવનમાંથી લોન અપાવી દેવા લાંચ માગી હતી.

જયાં લકી હોટલ પાસેથી ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા એજન્ટને ઝડપી પાડ્યો હતો. વાજપાઇ બેક્બલ યોજના હેઠળ લોન લેવા માટે લાંચ માંગી હતી.

### દિલ્હીમાં ગમખ્વાર માર્ગ અકસ્માતઃ ૪ મજૂરોના મોત, તમામ મજૂરો મધ્યપ્રદેશના ટીકમગઢના રહેવાસી

નવી દિલ્હી, તા. ૨૫

રાજધાની દિલ્હીમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ચાર લોકોના કરૂણ મોત થયા છે. આ અકસ્માત આનંદ પર્વત વિસ્તારમાં થયો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે મુખ્ય રોહતક રોડ પર સિમેન્ટની ટાઈલ્સ લગાવવાનું કામ ચાલી રહ્યું હતું. ત્યાં લગભગ ૧૪ મજૂરો કામ કરી રહ્યા હતા. ત્યારે શેરી નંબર ૧૦ તરફથી એક ટ્રક તેજ ગતિએ આવી રહી હતી જે અનિયંત્રિત થઈને મુખ્ય માર્ગ પર આવતા પહેલા એક દુકાન સાથે અથડાઈ ગઈ હતી.

ટ્રક અથડાયા બાદ દુકાન સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી અને ડમ્પર મુખ્ય માર્ગ પર પલટી મારી ગયું હતું. ટ્રક પલટી જતાં તેની નીચે ૫ મજૂરો દટાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા જ્યારે એક મજૂરનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ મોત નીપજ્યું હતું. બીજી તરફ એક મજૂર ઘાયલ થયો છે જેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તમામ મજૂરો મધ્યપ્રદેશના ટીકમગઢના રહેવાસી હતા.

## સુરતમાંથી નશાકારક દવાઓના જથ્થાનો કારોબાર ઝડપાયો

સુરત,તા.૨૫

સુરત શહેરમાં નશીલા પદાર્થ વેચાણ સામે લાલ આંખ કરવાં આવી રહી છે ત્યાં સુરત પોલીસ કમિશનર અજયકુમાર તોમર દ્વારા સુરત શહેરમાં નાર્કોટીક્સ ડ્રગ્સની બદીને નેસ્તનાબુદ કરવા માટે નો નશાકારક ઈન સુરત સીટી અભિયાન ચાલુ કરવામાં આવેલું છે. જે અભિયાન અંતર્ગત સુરત શહેર પોલીસ નાર્કોટીક્સ ડ્રગ્સની બદીને ડામવામાં સફળ રહી છે. કોઈક જગ્યાએ ડ્રગ્સ કે પછી ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવી રહ્યો છે. ત્યારે નશાકારક સીરપ અને દવાઓ વેચતા મેડિકલ સ્ટોર પર પણ તવાઇ બોલાવવામાં આવી છે.

સુરતમાં પોલીસને કેટલાક વિસ્તારમાં ચાલતાં કેટલાક મેડીકલ સ્ટોર ઉપર ડોંક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર સીરપ તથા ટેબ્લેટ ટ્રામાડોલ નામના નશાકારક ડ્રગ્સનું વેચાણ કરી રહી હોવાની માહિતી મળી હતી.

જેના દ્વારા લોકાના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા હોવાની માહિતી છે. આવા ડ્રગ્સનો ઉપયોગ ખાસ કરીને ગુનેગારો ગુનો આચરતા પૂર્વે કરતા હોય છે. સાથે જ યુવાધન આવી ગોળી તથા સીરપનુ સેવન કરીને નશાખોરીના રવાડે ચઢેલ હોય છે. જેથી સુરતમાં આવા મેડીકલ સ્ટોર શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરત શહેરના વિવિધ વિસ્તારમાં નશા માટે ઉપયોગમાં લેવાતી ટેબ્લેટ અને સીરપનું વેચાણ કરતા હોય તેવા મેડીકલ સ્ટોર્સ ઉપર એસઓજીની અલગ-અલગ ટીમો દ્વારા વોચ રાખવામાં આવી રહી હતી.

આ દરમ્યાન અડાજણ વિસ્તારમાં એક મેડીકલ સ્ટોરમાં આવી નશાકારક દવાઓ ડૉકટરના પ્રિસ્ક્રીપ્શન વગર વેચાતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે એસઓજીના અધિકારી અને માણસો તથા ફુડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેકટરને સાથે રાખીને અડાજણ ગામ સર્કલ પાસે આવેલ સમર્થ પાર્ક શિલા કોમ્પલેક્સમાં આવેલા સમર્થ મેડીકલ સ્ટોર્સ'' ઉપર ટ્રેપ ગોઠવી હતી.

આ દુકાનમાં ડમી ગ્રાહકને મોકલતા મેડીકલ સ્ટોરના સંચાલકે ગ્રાહક પાસેથી કોઇ પણ જાતના ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર નશાયુક્ત દવાનું વેચાણ કર્યુ હતુ. જેથી એસઓજીની ટીમ દ્વારા આ મેડીકલ સ્ટોર ઉપર રેડ કરી નશો કરવા માટે ઉપયોગમાં લેવાતી પીરિસ્ક્રીપ્શન વગર વેચાતી ટેબ્લેટ,સીરપ પોલીસે કબ્જે કરી અને કાર્યવાહી કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4